શ્રી ગણેશાય નમઃ

શ્રી હાટકેશામ્બિકાભ્યામ નમઃ

आ नो भद्राः क्रतवो यन्तु विश्वतः

(અમને સર્વ દિશાઓથી ઉત્તમ વિચારો પ્રાપ્ત થાઓ.)

શ્રી વડનગરા નાગર મંડળ - મુંબઈનું મુખપત્ર

# નાગર મંજૂષા

For Private Circulation

ઓક્ટોબર, ૨૦૨૦



'નાગર મંજૂષા' પ્રગટ કરવા થતા ખર્ચને પહોંચી વળવા સ્થાનસમર્પણ યોજના શરુ કરવાનું વિચાર્યું છે. સ્વજનની સ્મૃતિ કાયમ રાખવા, મિત્ર કે કુટુંબીજનને જન્મદિવસ/લગ્નદિવસની શુભેચ્છા પાઠવવા તેમજ કોઈ સિદ્ધી સફળતા મેળવવા બદલનો હરખ વ્યક્ત કરવા પાનાની નીચેના હિસ્સામાં નોંધ મૂકાશે. ઉપરના ભાગમાં જીવનને સુરભિત કરી દે એવાં વિચાર-મોતીઓ, ગદ્યખંડ કે કાવ્યપંક્તિ મૂકાશે. વડનગરા નાગર સમાજની કલા, સાહિત્ય અને સંસ્કારપ્રીતિનું પ્રતિબિંબ એમાં ઝિલાશે. એ માટે અનુદાન નીચે મુજબ રહેશે.

બીજું કવર પેજ (રંગીન) રૂા. ૪૦૦૦

ત્રીજું કવર પેજ (રંગીન) રૂા. ૪૦૦૦

છેલ્લું કવર પેજ (રંગીન) રૂા. ૫૦૦૦

અંદરના પાના (બ્લેક એન્ડ વ્હાઇટ) રૂા. ૩૦૦૦

યોજનાનો લાભ લેવા તંત્રીઓ શ્રીમતી દીના વછરાજાની અને શ્રીમતી સુહાની દીક્ષિતનો સંપર્ક કરવો.

રજી. ઓ. : એ/૫૮, મણિનાગર નિવાસ, પન્નાલાલ ટેરેસીસ,
ગ્રાન્ટ રોડ (પૂર્વ), મુંબઇ - ૪૦૦૦૦૭
website : www.shrivadnagaranagar.org

# અનુક્રમ


| | | | |
|---|---|---|---|
| ૧) | તંત્રીસ્થાનેથી | નેહા યાજ્ઞિક (અતિથિ તંત્રી) | ૧ |
| ૨) | પાટિયે બેસીને પંચાત (નિયમિત કટાર)<br>નેપોટિઝમ :<br>શરૂઆત તમારા હાથમાં પણ અંત? | સિદ્ધાર્થ છાયા | ૨ |
| ૩) | માણસનું કર્મ એનું કદ નક્કી કરે છે | ગોપાલી બુચ | ૪ |
| ૪) | સમજણ મૂલ્યની | ભાર્ગવી પંડ્યા | ૬ |
| ૫) | સિંગલ પેરન્ટ રેવા | સ્વાતિ મેઢ | ૯ |
| ૬) | મારી સલામ | સંસ્કૃતિરાણી દેસાઈ | ૧૧ |
| ૭) | રણમાં જન્મેલો જુવાળ<br>– જીવિતા*ને જુહાર | ડૉ. ખેવના દેસાઈ | ૧૪ |
| ૮) | 'કર ભલા, હોગા ભલા.' | ડૉ. પ્રેરણા બુચ | ૧૭ |
| ૯) | નાના માણસની મોટી છલાંગ | તિર્થંક રાણા | ૧૮ |
| ૧૦) | હાથલાકડી | અમી યાજ્ઞિક | ૨૦ |
| ૧૧) | 'કથંતી હિ પુણ્યેન ભવતી' | જયંત હાથી | ૨૨ |
| ૧૨) | દૃષ્ટિકોણ બદલાઈ ગયો | અરુણ માંકડ | ૨૫ |
| ૧૩) | માનવતાના સદૈવ ગુણ છલકાવતો... | મેહુલ બક્ષી | ૨૬ |
| ૧૪) | જામફળી | ભારતી હાથી | ૨૭ |
| ૧૫) | નાનો માણસ પણ<br>નવી દિશા ચીંધી જાય છે. | નિષ્ઠા વછરાજાની | ૩૦ |
| ૧૬) | જીવનનો અભિગમ બદલવો જોઈએ | ઋતંભરા છાયા | ૩૩ |
| ૧૭) | મને સ્પર્શી ગયેલું પાત્ર<br>ભારતની પ્રથમ રબારી મહિલા<br>ઉદ્યોગ સાહસિક | પારુલ મહેતા | ૩૫ |
| ૧૮) | ''હું માનવી માનવ થાઉં તો યે ઘણું'' | પદ્મજા વસાવડા | ૩૭ |
| ૧૯) | પહાડ જેવા વિઘ્નો પણ કામિયાબીની<br>આડે આવતા નથી | વિશાખા પોટા | ૩૯ |
| ૨૦) | ''હૃદય પરિવર્તન'' | ભાર્ગવી જોષીપુરા | ૪૦ |
| ૨૧) | માનવીની માનસિક<br>શ્રીમંતાઈનો અનુભવ | ધૃતિ દેસાઈ | ૪૨ |
| ૨૨) | રેતીની ખાંડ કીડી જ ઊંચકી શકે... | નમ્રતા માંકડ | ૪૪ |
| ૨૩) | ગણતરી | દીના વછરાજાની | ૪૬ |
| ૨૪) | નાનું કોણ? મોટું કોણ? | સુહાની દીક્ષિત | ૪૮ |


## ટીમ નાગરમંજૂષા


દીના વછરાજાની, નેહા યાજ્ઞિક તથા સુહાની દીક્ષિત

# તંત્રી સ્થાનેથી

નમસ્તે વાચકમિત્રો,

'ગણ્યા ગણાય નહીં ને વીણ્યા વીણાય નહીં' એ કવિતા એટલે નભે ટમટમતા તારલાઓ. આકાશમાં ઝળાહળા થતો સૂર્ય છે, શીતળ ચંદ્ર છે તો આભની શોભામાં અભિવૃદ્ધિ કરતા તારલાઓ પણ છે જ. લોકો નિયમિતપણે સૂર્યપૂજા કરે છે, વારતહેવારે ચંદ્રપૂજા પણ થાય છે, પણ ક્યાંય એવું સાંભળ્યું છે કે કોઈ તારાની પૂજા થતી હોય? એવું જ માનવ જીવનનું પણ છે. કોઈ પ્રતિષ્ઠિત વ્યક્તિ વિશે અવારનવાર લખાતું-વંચાતું-સંભળાતું રહે છે, પણ કહેવાતી 'નાની' વ્યક્તિ વિશે વાત થતી હોય એવું ભાગ્યે જ બને છે. જેમ આપણે જાણ્યે-અજાણ્યે નભતારલાઓને અવગણીએ છીએ એવું જ આ માનવતારલાઓનું પણ છે. નાગર મંજૂષાના આ વિશેષાંક દ્વારા આપણી વચ્ચે રહેતા આવા જ 'નાના' માનવતારલાઓનો પરિચય કરાવવાનો પ્રયત્ન કર્યો છે. 'હું માનવી માનવ થાઉં તો ઘણું' એ જેમનો જીવનમંત્ર છે એવા તમામ નાના નાના માનવ તારલાઓને નાગર મંજૂષાનો આ વિશેષાંક સમર્પિત છે.

**નેહા યાજ્ઞિક 'સુહરિ'**
અતિથિ તંત્રી

---

**વાચકોને...**

શું આપ નાગર મંજૂષામાં પોતાની કૃતિ/લેખ/રચના મોકલવા ઇચ્છો છો? તો...

૧. જ્ઞાતિબંધુઓને નમ્ર વિનંતી કે પોતાની કૃતિ સુઘડ અને સુવાચ્ય અક્ષરોમાં કોરા કાગળની એક બાજુએ લખી મોકલવી.
૨. કૃતિ મોકલનારે પોતાનું નામ, સરનામું, ઉંમર તથા ફોન નંબર કૃતિની નીચે જરૂરથી લખી મોકલવા વિનંતી
૩. કૃતિની પસંદગી તથા સંકલનની જવાબદારી સંપૂર્ણપણે તંત્રીની રહેશે.
૪. કૃતિ મોકલવાનું સરનામું :

**સુહાની દીક્ષિત**
સી-૧/૭૦૩, કેસર કૉ. ઑ. સોસાયટી, ચારકોપ, કાંદિવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૬૭.
ફોન : ૯૮૨૧૩૧૮૯૦૫ / ૦૨૨ - ૨૮૬૯૨૧૫૦ ઈમેલ : editor@shrivadnagaranagar.org

**દીના વછરાજાની**
બી-હાર્મની, ચારકોપ વિલેજ, કાંદિવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૬૭.
ફોન : ૦૨૨ - ૨૮૬૮૨૨૯૭ ઈમેલ : editor@shrivadnagaranagar.org

DISCLAIMER : **આ સામાયિકમાં પ્રકાશિત દરેક લખાણની જવાબદારી લેખકની પોતાની રહેશે.**

# નેપોટિઝમ : શરૂઆત તમારા હાથમાં પણ અંત?

નેપોટીઝમઃ શરૂઆત તમારા હાથમાં પણ અંત?

નેપોટીઝમ એ નવોસવો શબ્દ જરાય નથી, પણ આજકાલ એ કાને બહુ અફળાય છે. સુશાંત સિંહ રાજપૂતના અપમૃત્યુ બાદ જાગેલી ચર્ચામાં નેપોટીઝમ અને ખાસ કરીને બોલિવુડી નેપોટીઝમ પર જબરદસ્ત ચર્ચા ચાલી છે. આપણે ત્યાં જેમ રિવાજ છે એમ ચર્ચા જ્યારે એકતરફી બની જાય ત્યારે એ ચર્ચામાંથી ઊભા થતા નિષ્કર્ષ પણ એકતરફી જ નીકળતા હોય છે. એ જ ન્યાયે બોલિવુડનું નેપોટીઝમ એટલું તો ખરાબ નીકળ્યું છે કે સ્ટાર્સનાં દરેક સંતાનોને સફળતા મળે મળે અને મળે જ છે એવું બધાએ સોશિયલ મીડિયામાં ચર્ચીચર્ચીને નક્કી કરી લીધું છે.

પણ શું આ સત્ય છે? જો હા તો એ અર્ધસત્ય છે અને જો ના તો તે પણ અડધું જ અસત્ય છે. સત્ય જાણવા માટે આપણે આપણી ચર્ચાનો ફેલાવો બોલિવુડ સુધી જ મર્યાદિત ન રાખતાં તેને વ્યવસાયનાં અન્ય ક્ષેત્રોમાં પણ વિસ્તારીએ. બહુ દૂર જો જવું જ હોય તો ભારતીય ક્રિકેટના પિતામહ એવા લાલા અમરનાથનું ઉદાહરણ લઈએ. લાલ અમરનાથના ત્રણ પુત્રો છે મોહિન્દર, રાજીન્દર અને સુરિન્દર.

ત્રણેય પુત્રો પોતાના મહાન પિતાની જેમ જ ક્રિકેટર બન્યા, પરંતુ 'મહાન'ની કેટેગરીમાં એકપણ સ્થાન ન પામ્યો. ફક્ત મોહિન્દર અમરનાથ જ ભારતના નોંધપાત્ર ઑલરાઉન્ડર બની શક્યા જેમણે ભારતને ૧૯૮૩નો વર્લ્ડ કપ જિતાડવામાં અત્યંત મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. બાકીના બંને પુત્રોમાં સુરિન્દર અમરનાથ ફર્સ્ટક્લાસ ક્રિકેટમાં સફળ રહ્યા, પરંતુ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ફેઈલ.

ભારતના મહાનતમ બેટ્સમૅન એવા સુનિલ ગાવસ્કરના પુત્ર રોહન ગાવસ્કરને આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ઘણી તક મળી, પરંતુ જે સફળતા તેને ફર્સ્ટક્લાસ ક્રિકેટમાં મળી અને એ પણ પોતાની હોમ ટીમ મુંબઈ નહીં, પરંતુ દૂર બંગાળની ટીમમાંથી તેવી સફળતા તેને આંતરરાષ્ટ્રીય સ્તરે ન મળી એટલે ન જ મળી. આવું જ આપણા ધીરુભાઈ અંબાણીના પુત્રોમાં થયું. મુકેશભાઈ સફળતાના શિખરો સર કરી રહ્યા છે જ્યારે અનિલભાઈ નિષ્ફળતાની ગર્તમાં ઊતરી ગયા છે.

વળી બોલિવુડ પર પરત આવીએ. રાજ કપૂર એ સફળ પૃથ્વીરાજ કપૂરના સફળ પુત્ર. તેમના બંને ભાઈઓ શમ્મી અને શશી પણ સફળ, પણ પછી? રાજના રણધીર કપૂરને એવરેજ સફળતા મળી, રિષી સુપર સ્ટાર બન્યા તો રાજીવ કપૂર આવીને જતા પણ રહ્યા. શમ્મી કપૂરનું સંતાન તો બોલિવુડમાં પ્રવેશ્યું પણ નહીં. જ્યારે શશી કપૂરના કૃણાલ કપૂરને જબરી નિષ્ફળતા મળી, જ્યારે સંજના કપૂર એકાદ ફિલ્મમાં દેખા દઈને પૃથ્વી થિયેટરની સંભાળ લેવામાં બીઝી થઇ ગઈ.

મહાનાયક અમિતાભ બચ્ચનના પુત્ર અભિષેકમાં ટેલેન્ટની જરાય કમી નથી, પરંતુ તેમ છતાં તેને ધારી સફળતા નથી જ મળી. જ્યારે એવરેજ રાકેશ રોશનનો પુત્ર હ્રિતિક રોશન સુપર સ્ટાર બની

ગયો. જીતેન્દ્રના પુત્રની હાલત આપણે જાણીએ જ છીએ.

ટૂંકમાં કહીએ તો કોઈ પણ બિઝનેસમાં તમે મહાન હોવ તો તમે તમારા સંતાનને આંગળી પકડીને તેમાં લાવી શકો છો, પરંતુ સફળતાની ગેરંટી તો તમારા સંતાનની મહેનત અને તેની સ્વીકૃતિ પર જ આધાર રાખે છે. કોઈ પણ ફિલ્મ સ્ટાર પોતાના પુત્ર કે પુત્રીની ફિલ્મોની ટિકિટો ખરીદી રાખીને તેની ફિલ્મ હીટ બનાવી શકતો નથી એ શક્ય જ નથી. આગળ વાત કરી તેમ અભિષેકની ટેલેન્ટ જબરદસ્ત છે અને તે તેણે વારંવાર પુરવાર પણ કર્યું છે, તેમ છતાં એ એટલો ચાલતો નથી એ હકીકત છે.

સુનિલ ગાવસ્કરના પુત્રમાં ક્રિકેટની ટેલેન્ટ જરૂર હશે આથી થોડી ઘણી ઓળખાણ અને પોતાને મળેલા સન્માનનો ઉપયોગ કરીને સનીભાઈએ ફર્સ્ટક્લાસ સ્તર પર અને થોડીઘણી વાર રોહનને આંતરરાષ્ટ્રીય મૅચોમાં પણ સિલેક્ટ કરાવ્યો હશે એવું માની લઈએ તોપણ રોહન તેના પિતાના સ્તરે ન પહોંચી શક્યો એ આપણે જાણીએ જ છીએ.

નેપોટીઝમ ખરાબ છે, પરંતુ એટલું ખરાબ પણ નથી કે તેનાથી કોઈ પણ ઓળખાણ ન ધરાવતા અસંખ્ય કલાકારોની કેરિયર જ ન બને! જો નસીબ અને મહેનતનું ફળ નેપોટીઝમનો લાભ લેનારાને મળતું હોય તો એ જ સ્થિતિનો સામનો સંઘર્ષ કરનારા કલાકારને કરવો જ પડે!

બીજું, જો હું વર્ષોથી કોઈ ધંધો કરતો હોઉં અને એ જામી ગયો હોય તો હું મારા ધંધાનો વારસો મારા જ સંતાનને આપુંને? ઘરનાં છોકરાં ઘંટી ચાટે અને ઉપાધ્યાયને આટો તો ન જ અપાય? મારા ધંધાનો આગળ ઉપર પણ યોગ્ય વિકાસ થશે એ વિશ્વાસ મને મારા જ સંતાનમાં હોય નહીં કે કોઈ પારકા છોકરામાં, આ સ્વાભાવિક છે આમાં કશું ખોટું નથી.

જો ખોટું છે તો એ એમ છે કે મારા છોકરાને હું મારો વારસો સોંપું છું તેમ છતાં કોઈ યોગ્ય છોકરાને આગળ કોઈ તક જ ન મળે એવા પ્રયાસો કરું છું. આ વાત થઇ ગ્રુપીઝમની. નેપોટીઝમ ખરાબ નથી, પરંતુ ગ્રુપીઝમ ખૂબ ખોટું અને અનૈતિક છે. મારા સંપર્કોનો ઉપયોગ કરીને હું મારા સંતાનનું ભલું કરું, પણ બીજાને એનો લાભ તો ન આપું, પણ તેનો કાંટો કાઢી નાખવાની ક્રિયા યોગ્ય નથી.

પણ તકલીફ એ થઇ કે આપણી ચર્ચામાં નેપોટીઝમ સાથે ગ્રુપીઝમ મિક્સ થઈ ગયું અને કાયમની જેમ આપણી ચર્ચા આડે પાટે ચડી ગઈ. નેપોટીઝમ સ્વાભાવિક છે, કુદરતી છે જ્યારે ગ્રુપીઝમ ગેરકાયદેસર છે અને ક્રૂર છે!

**સિદ્ધાર્થ છાયા**

# માણસનું કર્મ એનું કદ નક્કી કરે છે

**મોટાઓની અલ્પતા જોઈ થાક્યો**

**નાનાઓની મોટાઈ જોઈ જીવું છું.**

આપણા મૂર્ધન્ય સાહિત્યકાર કવિ શ્રી ઉમાશંકર જોશીની આ પંક્તિ આપણને સૌને જીવનમાં ક્યાંક ને ક્યાંક સાર્થક થતી હોય એવા અનુભવો કરાવી જાય છે.

ઘણીવાર એવું બનતું હોય છે કે કહેવાતા મોટા માણસ માત્ર કહેવામાં જ મોટા પણ છે, પરંતુ તેનું આંતરિક ભાવજગત બહુ જ અલ્પ અને છીછરું હોય છે, જ્યારે દેખાતા નાના માણસનું ભાવજગત વધુ વિશાળ અને વધુ ઉદાર હોય છે.

આપણી આસપાસ નજર કરશો તો એવા કેટલાય દાખલા મળી આવશે કે જેમાં કહેવાતી જવાબદાર વ્યક્તિઓ પોતાની જવાબદારી પૂરી કરવામાં થાપ ખાઈ ગયા હોઈ અને કોઈ શ્રમજીવી પરિવારની કે કોઈ ઓછું ભણેલી, કોઈ ઓછું કમાતી વ્યક્તિએ મોટી મોટી જવાબદારીઓ ઉપાડી લીધી હોય.

આમ જોવા જાવ તો અહીંયા વાત ઉદારતાની છે, સમજદારીની છે, બીજાને મદદ કરવાની ભાવના કેટલી તીવ્ર છે તેની ઉપર મોટાઈના માપદંડ આધારિત હોય છે.

આપણે ઘણી વખત એવા સમાચાર વાંચીએ છીએ કે કોઈ એક ગામમાં રસ્તો બનાવવાનો હોય તો ગામવાસીઓ ભેગા થઈને બનાવી નાખે છે. કોઈ પુલનું સમારકામ કરવાનું લાંબા સમયથી અટક્યું હોય તોપણ આસપાસની નાની નાની વસાહતના માણસો ભેગા થઈ અને સ્વખર્ચે અને સ્વમહેનતે પુલનું સમારકામ પણ કરી નાખતા હોય છે. કામ કોઈનું કરે કોઈ. જોકે એમાં કંઈ ખોટું પણ નથી, પરંતુ મર્યાદિત સાધનો અને સુવિધાઓની વચ્ચે પણ નાના માણસો મોટું કામ કરી શકે છે એ વાત સાબિત જરૂર થાય છે. કારણકે પહેલેથી જ એમને અભાવોની વચ્ચે ભાવજગત કેળવવાની ટેવ પડી ગઈ હોય છે, જ્યારે એસી ચેમ્બર્સમાં બેસતા, મોટી મોંઘીદાટ ગાડીઓમાં ફરતા ઊંચી ઊંચી પદવી ધરાવતા ઊંચા હોદ્દા પર બિરાજમાન સત્તા અને સંપત્તિ બન્ને ધરાવતા સમાજના મોવડીઓ તેમની સામાજિક ફરજ ચૂકી જાય છે. એનું એક કારણ એ પણ છે કે તેમને તેમનાથી નાના વર્ગની જરૂરિયાતોનો ખ્યાલ પણ નથી હોતો.

મને એક બહુ સરસ વાત યાદ આવે છે. અમારા ઘરની બહાર એક ફ્રૂટવાળો કાયમ ઊભો રહે છે. મને એનું નામ તો નથી ખબર, પરંતુ હું જ્યારે પણ ત્યાંથી પસાર થાઉં ત્યારે એને સ્મિત આપવાની તક નથી છોડી. એના ચહેરા પર મેં કાયમ સંતોષનો ભાવ જોયો છે. એક વખત એને ત્યાંથી મેં કેળા લીધા એ સમયે બાજુમાં ચણાતા બિલ્ડિંગમાંથી મજૂર પરિવારનાં બે બાળકો રમતાં રમતાં ત્યાં આવી ચડ્યાં. મેં લીધેલાં કેળાંમાંથી બે કેળાં મેં એ બાળકોને આપ્યાં તે વાત પેલા ફળ વેચતા ભાઈએ જોઈ અને ચૂપચાપ મારા કેળાંમાં એમણે બીજાં બે કેળાં મૂકી દીધાં. હું એમને વધારાના પૈસા આપવા લાગી તો એમણે એ પૈસા લેવાની ના પાડી. મેં એમને ઘણો આગ્રહ કર્યો પણ એ ભાઈ ટસના મસ ના થયા. ઉપરથી પ્રેમથી કીધું કે અરે બહેન ક્યારેક થોડું પુણ્ય મને પણ કમાઈ લેવા દો.

હું અવાક થઈ ગઈ. શું કમાતા હશે આ ફળ વેચવાવાળા? પરિવારમાં કેટલા જણ હશે? માત્ર ફળમાંથી એમનું ગુજરાન ચાલી જતું હશે? ઘણા સવાલોએ મને ઘેરી, પણ મનોમન એ ફ્રૂટવાળાની ઉદારતાને સલામ કર્યા વગર ન રહેવાયું.

એવો જ એક અનુભવ કોરોના કાળ દરમિયાન ચાલી રહેલા lockdown સમયે પણ થયો.

ઘરથી થોડેક દૂર એક શાકભાજીની દુકાન. જોવાની ખૂબી એ છે કે એ શાકભાજીની દુકાનની બહાર જ એક શાકવાળો લારી લઇને ઊભો રહે. હું ચાલતી ચાલતી ત્યાંથી પસાર થઈ ત્યારે એક દૃશ્ય જોયું કે મારી આગળ જતી ગરીબ પરિવારની એક બાઈને સામેથી બોલાવી શાકવાળાએ પોતાની લારીમાંથી એક કોથળીમાં થોડુક શાક ભરીને આપ્યું.

હું લારીની નજીક પહોંચી ગઈ હતી. મેં એ સ્ત્રીના ચહેરા ઉપરના ભાવ જોયા. અત્યંત દુઃખભર્યા ચહેરા વચ્ચે સ્ત્રીની આંખોમાં સ્મિત છલકાયું. મારાથી ન રહેવાયું. મારે શાકની જરૂર નહોતી છતાં પણ હું એ લારીવાળા પાસે ગઈ. એની પાસેથી શાક લેતાં લેતાં મેં ધીરેકથી એને પૂછ્યું, ''કેમ તમે પેલાં બહેનને શાક આપ્યું? લારીવાળાના જવાબમાં પણ એનો અનુભવ અને એનું દુઃખ છલકાઈ આવ્યાં. બહેન lockdownમાં લાંબો વખત દુકાનો બંધ રહી. અમને શાકવાળાને પણ થોડો સમય તો ઘરે જ બેસવાનો વારો આવ્યો. અમે રોજનું રોજ કમાઈને ખાનારા માણસ. અમને ખબર છે બેન આ ગરીબ લોકો પર શું વીતતી હશે?

હું શાકવાળાની સામે જોઈ રહી.

અહીં એક સ્પષ્ટતા મારે એ પણ કરવી છે કે દુકાનવાળો શાકવાળો અને લારીવાળો શાકવાળો આ બંને વચ્ચે કોઈ સંબંધ નથી છતાં પણ બંને વચ્ચે કોઈ હરીફાઈ પણ નથી.

મને વિચાર આવ્યો કે કોઈ અત્યંત વૈભવી સોનીના શોરૂમની આગળ જ એક નાનકડી હાટડી ખોલી અને બીજો સોની બેસે તો શું પહેલો સોની એને બેસવા દેશે?

હજી એક વાત કરું. મારી એક મિત્ર આ કોરોના વખતે મુંબઈમાં ફસાઈ હતી. કમનસીબે એ ઘરમાં પડી ગઈ, બહાર તો જવાનું હતું નહીં અને પડી ગઈ તો એને વાગ્યું પણ એવું કે એ બહાર જઈ શકે એમ પણ નહોતી. પરદેશથી થોડો સમય માટે જ આવેલ એટલે એના ફોનમાં નેટ બૅન્કિંગની એટલી બધી સગવડ પણ નહીં.

ઈજાગ્રસ્ત હોવાને કારણે એને દવાની જરૂર પડી. પોતાના ઍરિયાના કેમિસ્ટને એણે ફોન કરી જરૂરી દવાઓ માગી ત્યારે કેમિસ્ટનો પહેલો સવાલ એ હતો કે, ''બેન પૈસા કેવી રીતે આપશો? પૈસા વગર તો દવાઓ નહિ મોકલું. પહેલાં નેટબૅન્કિંગથી પૈસા જમા કરાવો.'' એણે ગમે તે રીતે નેટ બૅન્કિંગની વ્યવસ્થા કરી અને દવાઓ મગાવી, પણ એની જ સોસાયટીની બહાર ઊભા રહેતા કેળાંવાળા ભાઈ પાસે જ્યારે એણે કેળાં મગાવ્યાં અને કીધું કે ભાઈ તમને મારે પૈસા કેવી રીતે આપવાના ત્યારે કેળાંવાળા એ જવાબ આપ્યો કે, ''બહેન પહેલાં સાજા થઈ જાવ પૈસા પછી ગમે ત્યારે આપજો.''

મારે આમાં કંઈ વધુ કહેવાનું રહે છે? વિચાર કરો. કોરોના દરમિયાન કેમિસ્ટની દુકાનો કાયમ ખુલ્લી રહી છે જ્યારે શાકભાજી અને ફ્રૂટ વેચતા

ફેરિયાઓને સુપરસ્પ્રેડર તરીકે થોડો સમય ઘરે બેસાડવામાં પણ આવ્યા હતા. અહીં વાત માણસાઈની પણ છે. મોટા માણસો વૈભવી એશોઆરામની વચ્ચે રહીને એમની સંવેદના ખોતા જાય છે જ્યારે નાના માણસોની સંવેદનશીલતા બરકરાર રહી છે.

આગળ ઘણાં દૃષ્ટાંતો આપણી આસપાસના બનતા હશે! આપણે આપણાં આંખ અને કાન ખુલ્લાં રાખીએ તો મનની બારી આપોઆપ ખૂલવા મંડશે. આમાં વિશેષ કંઈ કરવાનું નથી આવતું. બસ ભાવજગતને ખીલવવાનું હોય છે. માણસાઈને આત્મસાત કરવાની હોય છે. સંવેદનશીલતા તીવ્ર હોય તો કોઈ પણ માણસની તકલીફ હૃદયને સ્પર્શે છે અને મન આપોઆપ જરૂરિયાતવાળી વ્યક્તિને મદદ કરવાના રસ્તાઓ શોધી લે છે. ઇચ્છાશક્તિ બળવાન હોવી જરૂરી.

આવી જ એક બીજી વાત મને યાદ આવે છે. લગભગ પાંચેક વર્ષ પહેલાં એક સાંજે અમદાવાદમાં અનરાધાર વરસાદ પડયો હતો અને ચારે તરફ ખૂબ પાણી ભરાયાં હતાં. આ સમયે મારા નાનકડાં વેહિકલ સાથે હું એક ગલીમાં ફસાઈ ગઈ હતી અંધારું ખૂબ અને ચારે બાજુ ભરાયેલાં પાણી. ઑફિસથી ઘરે જવા નીકળી ત્યાં રસ્તામાં એક નાનકડી સૂમસામ ગલીમાં મારું સ્કુટી અધવચ્ચે અટક્યું. ના હું આગળ જઈ શકું ના હું પાછી વળી શકું એવી પરિસ્થિતિમાં હું મૂંઝવણમાં હતી કે હું શું કરીશ? આ સમયે એક નાની ઉંમરનું કપલ ત્યાંથી બાઈક ઉપર નીકળ્યું. એમણે મને આગળ રસ્તો કઈ તરફ જાય છે પૂછ્યું, મેં એમને રસ્તો બતાવી દીધો. એ લોકો બાઈક લઈને ભરાયેલાં પાણીમાં આગળ નીકળી ગયાં, પણ થોડી વારમાં એ કપલ પાછું આવ્યું અને મને પૂછ્યું, ''તમારે કઈ તરફ જવું છે? તમારું વેહિકલ ચાલુ નથી થતું?'' મને એ ક્ષણે એવો અહેસાસ થયો કે ખરેખર ઈશ્વર માણસાઈરૂપે અજાણ્યા લોકોની વચ્ચે મળી જાય છે. એ યુવાન જેનું નામ પણ મને ખબર નથી. એણે મારી તકલીફ સાંભળી, મારું સ્કુટી ઘસડીને બાજુની સોસાયટીમાં પાર્ક કર્યું અને મને મારું સરનામું પૂછ્યું. બન્ને જણાએ બહુ પ્રેમથી મને કહ્યું, ''આટલો બધો વરસાદ છે, ચારે તરફ પાણી ભરાયાં છે, અંધારું થઈ ગયું છે, તમે ક્યાં જશો? અમારી સાથે બેસી જાઓ હું તમને તમારા ઘર સુધી મૂકી જાઉં.''

એ દિવસે મેં ઈશ્વરનો ભરોસો કરીને એક સાવ અજાણ્યા કપલની પાછળ બાઈક ઉપર બેસી મારો રસ્તો શોધ્યો હતો. એ દિવસ પછી અમે ક્યારેય મળ્યા નથી. મને એમનું નામ સરનામું પણ ખબર નથી, પણ આજ દિવસ સુધી એમના ચહેરા ભૂલી શકી નથી. સાવ અજાણ્યા માણસે આવી પડેલા અણધાર્યા સંજોગોમાં કરેલી મદદ આપણને માનવતાના સાતત્ય અંગેનો ભરોસો કરાવે છે. એમ થાય કે આપણે મોટાઓની અલ્પતાની વાત નથી કરવી, પણ નાના, અજાણ્યા લોકોએ દાખવેલી મોટાઈની જ વાત કરીએ તો મોટાઈ આપોઆપ મહાન બનશે.

હમણાં જ વડોદરાના એક બુક સેલર પ્રદીપભાઈ વિશેનો લેખ વાંચ્યો. વડોદરામાં પ્રદીપભાઈ પુસ્તકો વેચીને તેમનો જીવનનિર્વાહ ચલાવે છે. વડોદરામાં આવેલા પૂરમાં એમનાં ઘણાં બધાં પુસ્તકો તણાઈ પણ ગયાં અને ખરાબ પણ થઈ ગયાં. એટલું ઓછું હોય એમ કોરોના મહામારીને કારણે જાહેર કરેલા લોકડાઉને પણ પ્રદીપભાઈની કમર તોડી નાખી. ક્યારેક ભોજન મળ્યું તો ક્યારેક ઉપવાસ કરીને પણ દિવસો કાઢવા પડ્યા. ક્યારેક

દિવસોના દિવસો સુધી પ્રદીપભાઈ માત્ર ને માત્ર કાચા બટાકા ઉપર રહ્યા. આવા સંજોગોમાં પણ હિંમત હાર્યા વગર પ્રદીપભાઈએ પોતાનું કાર્ય ચાલુ રાખ્યુ. પ્રદીપભાઈને પોતાને પુસ્તક વાંચવાનો બેહદ શોખ. પુસ્તક માટે, સાહિત્ય માટે અનહદ ચાહ અને એવી અંતરની ઇચ્છા પણ ખરી કે લોકો સુધી પુસ્તકો પહોંચવાં જોઇએ. પુસ્તક પરત્વેના પ્રેમને કારણે અભ્યાસ અંગેની મહત્તા પણ પ્રદીપભાઈના મનમાં એટલી જ. પ્રતિકૂળ સંજોગોને કારણે પ્રદીપભાઈનું પોતાનું ભણતર એમની ચાહ પ્રમાણે ના થઈ શક્યું, પણ જ્યારે રાજસ્થાનના પ્રદીપભાઈએ પોતાના ગામમાં પોતાના જ એક ભત્રીજાને અભ્યાસ છોડીને મજૂરી કરતો જોયો ત્યારે તેમણે ભત્રીજાનો અભ્યાસ પૂરો કરાવવાનું બીડું ઝડપ્યું. કપરામાં કપરા સંજોગોમાં પણ પ્રદીપભાઈ હતાશ થયા વગર તેમના ભત્રીજાના અભ્યાસ માટેના ખર્ચની વ્યવસ્થા કરતા રહ્યા. અભ્યાસ અર્થે તેમણે બૅન્કમાંથી લોન લીધી અને એ લોનના હપ્તા પણ એક ટાઈમ જમીને, પૈસા બચાવી ચૂકવી રહ્યા છે. ભત્રીજાના અભ્યાસ અર્થે બૅન્કમાંથી લોન લીધી હોવાની જાણ પણ ભત્રીજાને થવા દીધી નથી.

આ પ્રકારની ઘટનાઓ જ્યારે આંખ સામે આવે છે ત્યારે ઈશ્વર પરત્વેનો વિશ્વાસ દ્દઢ થાય છે. કોઈક ખૂણે પ્રજવલિત માણસાઈના દીવડા એના પ્રકાશમાં અલ્પતા અને અવગુણોને પરાજિત કરવાનું સામર્થ્ય ધરાવે છે.

વડોદરાના પૂરની વાત નીકળી છે તો એક બીજી વાત પણ કરવાનું મન થાય. આકાશમાંથી વરસતા અનરાધાર વરસાદ અને વિશ્વામિત્રી નદીનાં વધતાં જતાં પાણીએ વડોદરામાં જળસંકટ ઘેરું કર્યું અને વડોદરા શહેર એક બેટમાં ફેરવાઈ ગયું. આવે સમયે રસ્તામાં ફસાયેલા લોકો ઠેકઠેકાણે થોડી ઊંચાણવાળી જગ્યામાં આશરો શોધવા લાગ્યા. એક જાણીતા કૉમ્પ્લેકસમાં એક બ્રાન્ડેડ રેસ્ટોરન્ટ હતી પણ ધીમે ધીમે કૉમ્પલેક્સમાં આશરો લેતા લોકોને જોઈને રેસ્ટોરન્ટવાળાએ તેના શટર પાડી દીધા, પણ એ જ કૉમ્પલેક્ષ પાસે ઊભા રહેતા એક દાબેલીની લારીવાળા યુવકે લોકસેવાની આ તક ઝડપી લીધી અને પોતાની લારીમાં રહેલી દાબેલી કોથળામાં ભરી અને કૉમ્પ્લેક્સના ઉપરના ભાગમાં પહોંચી એક પણ રૂપિયો લીધા વગર લોકોને પ્રેમથી દાબેલી ખવડાવવાનું શરૂ કરી દીધું .

ફરી વખત કહેવાનું મન થાય છે કે વાત માનવતાની છે, ઉદારતાની છે, સમજદારીની છે. હકીકતમાં ક્યારેક એવું લાગે છે કે જેની પાસે કશું જ નથી એ માણસ જેની પાસે ઘણું બધું છે એના કરતાં ઉદાર હોય છે.

બીજાની ટીકા કરવી તો બહુ સહેલી છે, પણ મદદ કરવા ટાણે આપણે આપણું સામર્થ્ય કેટલું બતાવી શકીએ છીએ એના ઉપરથી આપણું વ્યક્તિત્વ આલેખાય છે. આવી તક પણ માણસને વારંવાર નથી મળતી, માટે અનાયાસે જીવનમાં આવી કોઈ તક આવી ચડે તો પાછીપાની કરવાને બદલે એને ઝીલી લેવી. દૃષ્ટિકોણ કેળવીએ તો આપણી આસપાસ બનતી ઘટના ગુરુ બની જીવનઘડતર કરે છે.

છેલ્લે એટલું કહેવાની ઇચ્છા થાય કે માણસ એના જન્મ થકી નાનો કે મોટો નથી ગણાતો, પરંતુ એના કર્મ એનું કદ નક્કી કરે છે.

**ગોપાલી બુચ**

# સમજણ મૂલ્યની

આપણે જીવન જીવતાં જીવતાં સાથે થોડા ઘડાતાં પણ જઈએ છીએ. સંજોગોનું ટાંકણું હળવે હળવે એક આકૃતિ ઘડતું જાય છે. જ્યારે ડહાપણ અને સમજણ બંને આવે ત્યારે આપણી પાસે ખૂબ થોડો સમય બચ્યો હોય છે. જિંદગીના જુદા જુદા તબક્કે બનતી એવી મહત્ત્વની ઘટનાઓ જે માનસપટ પર અંકિત થઈ જાય છે. આવી ઘટનાઓના હકારાત્મક પ્રભાવથી આપણે જાગી જઈએ છીએ, જાગૃત થઈ જઈએ છીએ.

આવા જ એક પ્રસંગની વાત કરવી છે. જેનાથી જીવનમાં એક અલગ પાઠ શીખવા મળ્યો. લગભગ પંદર વર્ષ પહેલાં અમે જ્યાં રહેતા હતા ત્યાં સોહમ નામનો નોકર આવતો હતો. આમ તો લાલજી, કાનજી, શંકર એવાં જ નામો સાંભળવા મળતાં હોય, પણ મને તો આ સોહમ નામ ખૂબ ગમી ગયેલું. ખૂબ સીધોસાદો છોકરો. સમયસર આવી ઘર ચોખ્ખુંચટ્ટ કરીને જાય. વિશ્વાસુ પણ ખૂબ. ક્યારેક દીકરો એકલો ઘરમાં હોય તો એને પણ ખૂબ સાચવે. દીકરો પણ એનો હેવાયો થઈ ગયો હતો. જો મારે બહાર જવાનું હોય તો હું એને ઘરની ચાવી પણ નચિંત થઈ આપી દેતી.

એક વિશ્વાસુ વ્યક્તિને ઘરકામ માટે પસંદ કર્યાનો સંતોષ હતો. એને પણ પૈસા વસ્તુ કે કપડાંની જરૂર હોય તો પ્રેમથી અમે લાવી આપતા. મારા દીકરાની જનોઈનો પ્રસંગ હતો. ખૂબ તૈયારીઓ કરવાની હતી. પૂજાનો સામાન લાવવો, કપડાંની ખરીદી, જુદી જુદી ગિફ્ટ માટેની વસ્તુઓ ખરીદવી, મહેમાનોની આગતા-સ્વાગતા, જમણવારનું આયોજન બધી જ વ્યવસ્થા માટે અમે દિવસનો ઘણો સમય બહાર રહેતા .

ધીરે ધીરે જનોઈનો દિવસ નજીક આવ્યો. આગલા દિવસે વાડી પર બધો સામાન સોહમ જાતે જ રિક્ષામાં મૂકી આવ્યો. બે-ત્રણ ધક્કા કરી બધી જ જરૂરી વસ્તુઓ પહોંચતી કરી. જનોઈને દિવસે પણ એ ત્યાં ખડે પગે હાજર હતો. દીકરા સાથે એટલો બધો મનમેળ હતો કે શું કહેવું ! એના પોતાના ઘરનો પ્રસંગ હોય એટલા ઉત્સાહથી એણે કામ કર્યું .

આખોય પ્રસંગ રંગેચંગે ઊજવાયો. મહેમાનો, સગાંવહાલાં બધાં વિખરાયાં. ફરીથી સોહમ ઘરે લઈ જવાની બધી જ વસ્તુઓ વ્યવસ્થિત પેક કરી મૂકી અને રિક્ષામાં ઘરે લઈ ગયો. અમે પણ ઘરે પહોંચ્યા. ખૂબ થાક્યા હતા. અમે નક્કી કર્યું હતું કે સોહમને આ પ્રસંગે કંઈક આપવું. ખરીદી કરવા ગયા ત્યારે એના માટે નવા જીન્સ-ટીશર્ટ લઈ આવ્યા હતા. એ ઉપરાંત અમે એને રાજીખુશીથી પ્રસંગ નિમિત્તે રૂપિયા ૨૦૦૦ આપવાનું નક્કી કર્યું. એ વર્ષે વરસાદ ખૂબ થયો હતો. એને ગામડે ખેતીમાં પણ નુકસાન થયું હતું. એટલે અમે વિચાર્યું કે એને થોડો આધાર રહે. એ ઘેર જવા નીકળ્યો અને અમે એને બોલાવી એનાં કપડાંનું ગિફ્ટ પેક અને પૈસા આપ્યા. એને કહ્યું પણ ખરું કે 'તું ઘરનો સભ્ય છે. બધાને આપ્યું છે તો તને તો ખાસ આપવું પડે'.

સોહમે કપડાંનું પેકેટ હાથમાં લીધું. એની આંખોમાં ઝળઝળિયાં હતાં. પૈસા એણે અમને પાછા આપ્યા અને કહ્યું , 'બાબાભાઈનો પ્રસંગ છે. હું નવાં કપડાં પહેરીશ ત્યારે યાદ કરીશ, પણ આ પૈસા? બસ આટલો જ ઓળખ્યો મને? આ પૈસા બાબાભાઈને મારા તરફથી ચાંલ્લો!' એમ કહી ભીની આંખે તે ચાલ્યો ગયો.

અમે સ્તબ્ધ થઈ ગયા. એક સફાઈકર્મી, નાનો માણસ અમને ઘણું શીખવી ગયો. અમે એના કામનું 'વળતર' આપવા માગતા હતા, પણ શું દરેક કામનું વળતર હોય? ક્યાંક સંબંધ અને ક્યાંક કોઈ લાગણીનો દોર એવો બંધાયો હોય છે જેને પૈસા ના તોલ પર મૂલવી શકાય નહીં .

જીવનનો એક મોટો પાઠ શીખવા મળી ગયો હતો. એની પાસે કોઈ બચત નહોતી, પણ અંતરના સંસ્કારની મિરાત ઘણી બધી હતી. જીવનના આ પડાવે કદાચ સમય હજુ પણ કશું નવું શીખવી જાય તો નવાઈ નહીં!

**ભાર્ગવી પંડ્યા**

# સિંગલ પેરન્ટ રેવા

વર્ષોથી રેવા અમારી સોસાયટીમાં શાકની લારી લઈને આવે. ઊજળો વાન, ગોળ મોઢું, સહેજ નીચું કદ અને એટલે સ્થૂળ લાગતું શરીર. શ્રમને કારણે કેળવાયેલી શરીરની સ્ફૂર્તિ અને એની ઉપર આત્મનિર્ભરતાને લીધે ઝલકતો આત્મવિશ્વાસ. અમદાવાદની દેવીપુત્ર નામે ઓળખાતી કોમની એ યુવાન સ્ત્રી. સરસ તાજું શાક લાવે અને આગ્રહ કરીને વેચે. એની કાયમી ગ્રાહક બહેનોની તો એ બહેનપણી જેવી. હું એની પાસેથી શાક બહુ ન લઉં. બીજાં કામો માટે બહાર આવતાંજતાં લઈ આવું. એ સોસાયટીમાં ફરતી હોય તો સૌને બોલાવતી જાય. શી ખબર કેમ એ મને માસી કહેતી હતી. કોક વાર એની પાસેથી શાક લઉં તો પૂછે 'કેમ કાલે બહાર ન'તાં ગયાં, માસી?' વર્ષો જતાં પરિચય વધતો ગયો. એની સાથે હું એના જીવન વિષે, ખાસ કરીને એના શાકભાજીના વ્યવસાય વિષે સવાલો પૂછું. લારીએ તુવેરો ફોલતાં, ચોળી ચૂંટતાં અને આવનારા ગ્રાહકોને શાક વેચતાં એ વાતો કરે. એના કુટુંબજીવનની, એની જ્ઞાતિના રિવાજોની, એની દિનચર્યાની. એની એ વાતો એને પૂછેય કોણ અને એ કહે તો સાંભળવાવાળાય કોણ હોય? 'માસી, તમારી સાથે ગપાટાં મારવાની મજા આવે છે. માઈન (માઇન્ડ) ફ્રેશ થઈ જાય.' વાતો કરતાં કરતાં એણે ફોલેલા તુવેરદાણા, ચોળી પરાણે લેવડાવે. અમથી થોડી વાતો કરતી હોય? પાક્કી બિઝનેસ વુમન હતી અમારી રેવા. થોડા દિવસ રેવા સોસાયટીમાં ન આવે તો બહેનો બેચેન થઈ જાય. બહાર જવું પડેને શાક માટે?

આમને આમ જ વર્ષો વીતતાં ગયાં. વારંવાર એની સાથે વાતો કરીને મને જાણવા મળેલું કે રેવા વિધવા હતી. એની ત્રીજી દીકરી હજી ગર્ભમાં હતી અને એનો વ્યસની પતિ વાહન હેઠે આવીને મરણ પામ્યો હતો. થોડા દિવસ મા અને ભાઈની સાથે રહી. બાપ તો એ નાની હતી ત્યારે જ ગુજરી ગયેલો. મા સાથે રહીને શાકભાજીનો ધંધો શીખી અને પોતાની લારી કરી. પોતાનું ઘર કર્યું. પતિવાળું ઘર તો સાસરિયાએ પડાવી લીધેલું. સારી એવી પગભર હતી. એક દીકરીનું તો લગ્ન પણ કરી નાખ્યું. બીજી સત્તરેક વર્ષની હતી. ત્રીજી બાર વર્ષની. મોટી બે છોકરીઓએ નિશાળે જવાનું ક્યારનું બંધ કરી દીધેલું. નાની ભણતી હતી. 'એને દસમી ભણવું છે. અમારમાં તો ના ભણાય, પણ મેં તો કીધું, ઉચ વરણની છોડીઓ તો બૌ એ ભણે, તુંય તારે ભણ.' રેવાએ મને એકવાર કહેલું. ખૂબ સ્વસ્થ, સમજદાર સ્ત્રી હતી એ. એના શબ્દોમાં 'ઉચ વરણની સોશાયટીમે ફરીએ તો અટલું ના સિખિયે?'

એક વાર હું એની લારી પાસેથી પસાર થતી હતી. રેવાએ મને જોઈ, પણ એ બોલી નહીં. એની રોજની ટેવ પ્રમાણે સ્મિત પણ ન કર્યું. બીજે દિવસે પણ એમ જ. મોસમ પ્રમાણે જાતજાતનાં ફળ મને પરાણે પકડાવતી રેવાએ મને પૂછ્યુંય નહીં, 'માસી, કેસર આઈ ગઈ છે. કાલે લાઉં? બહારથી ના લાવતાં.' મારી નજર એના ચહેરા પર પડી. સહેજ ઊતરેલો લાગતો હતો. આંખોય લાલ હતી. મારાથી કહ્યા વિના ન રહેવાયું. 'મોં કેમ આમ ઊતરેલું લાગે છે? માંદી છું?' આસપાસ બીજું કોઈ નહોતું. એણે કહ્યું, 'માસી, મારી વચેટ છોડી નાહી જેઈ.'

'એટલે ભાગી ગઈ? ક્યાં?'

'હોવ, બીજી નાતનો સ. મીં એકલે હાથે ઇ ન મોટી કરી. હગાઈય કરી રાખેલી. સોકરો બારમી ભણેલો હતો ને આ સોડીએ મારું નાક કપાયું (વ્યું).'

'ખોટું થયું.' મેં કહ્યું. 'કંઈ વાંધો નહીં. જ્યાં એનું મન મળ્યું ત્યાં. છોકરો તો સારો છે ને?'

'ના ચાલે માસી, અમારામાં ના ચાલે. નાતવાળા મને ચેટલું બોલ્યા ખબર સે? હવે તો એ જૈ. એ છોડીનું નૈ નાખબાનું.' રેવા ગુસ્સાથી જરા ઊંચા સાદે બોલી.

'હોય કંઈ? એવું ન રખાય. ગમે તેમ તોય આપણું છોકરું ને દીકરીને માની જરૂર તો પડે જ ને?' મેં આશ્વાસન આપ્યું.

'મારે નાતમોં રે'વું સ માસી. હજી એક છોડી બાકી સ. નાત વના ના રે'વાય અમારમાં. એ છોડી તો જૈ હવે.' દુખ, હતાશા ને ગુસ્સાથી તમતમતા ચહેરે કાટલાં, ત્રાજવું લારીમાં પછાડતી રેવા લારી લઈને ચાલી ગઈ. એ પછડાતાં કાટલાં-ત્રાજવાએ એના ગુસ્સાને ખમી લીધો. એની ચાલમાં ઉશ્કેરાટ હતો, અશાંતિ દેખાઈ આવતી હતી. મને એને માટે સહાનુભૂતિ થઈ. સોસાયટીમાં બીજા થોડાક લોકોનેય આ વાત ખબર પડી હતી. અમે શું કરીએ સહાનુભૂતિ દેખાડવા સિવાય? રેવા થોડા દિવસ ન આવી. પછી પાછો એનો રૂટિન શરૂ થઈ ગયો. ઉનાળો વીત્યો, ચોમાસું આવ્યું અને ગયું. શિયાળો આવ્યો ને ગયો. એક સવારે રોજના સમયે લગભગ અગિયાર વાગે મને રેવાની લારીની ઘંટડી વાગતી સંભળાઈ. આજે તો એની પાસેથી શાક લેવાનું હતું. હું થેલી લઈને નીચે ઊતરી. 'બહુ દહાડે આયા માસી?' રેવાએ પૂછ્યું. મને એની દીકરીની વાત તો યાદ જ નહોતી. થોડા દિવસ આમ જ ગયા. એક દિવસ રેવા ગમગીન દેખાતી હતી. હિસાબ ગણવામાં ગોટાળો કર્યો. મેં અમસ્તું જ પૂછ્યું, 'કેમ આજે આમ થાય છે?'

'છોડીને પ્રોબ્લેમ છે.' એ બોલી.

'કઈ છોકરીને?'

'પેલી વચેટને. ડીલેવરી થઈ છે એને. કો'ક કેતું'તું. સાંભળ્યું છે, એનો વર બરાબર કમાતોય નહીં. મને ચંતા થાય છે.' રેવાનો અવાજ ઢીલો હતો.

'પણ તું તો કેતી'તી. એ છોડી તો મરી જૈ, નૈ નાખ્યું એનું.'

'તોય માસી, હું મા નહીં?' રેવાનો અવાજ ગળગળો હતો. આંસુ આવું આવું કરતાં'તાં.

'તો તું શું કરવાની? તારી નાતવાળા તો તને એને બોલાવવા ય નહીં દે ને? બેઠી બેઠી જીવ બાળ. બીજું શું? એને તું ઘેર તો ન જ બોલાવી શકેને?'

'ના ચાલે. હું બેઠી છું બાર વરસની વાઘ જેવી. મારી છોડીઓને મેં એકલે હાથે મોટી કરી સ. નાતવાળા મને રોટલા ખવડાવવા આયા'તા? નાતવાળાની તો હમણાં કહું તે...' રેવાએ વાક્ય અધૂરું મૂક્યું, 'ઉચ વરણની સોશાયટી'નો મલાજો રાખ્યો.

'તો શું કરીશ તું?' રેવાનું આ નવું સ્વરૂપ દેખાતું હતું.

રેવાએ એની કેડે બાંધેલી પૈસાની થેલી કાઢી. એને હલાવી. બોલી 'જુઓ આ માસી. બાર બાર વરસથી ટાંટિયાની કઢી કરીને કમૈ સું. કાળી મજૂરી કરીને બહુએ ભેગું કર્યું સ. મારી છોડીને પૈસા તો આલી હકું ને હું? એમાં કોણ રોકનાર? ને રોકે એની તો...' રેવાએ હોઠ ભીડી દીધા. વાક્ય અધૂરું મૂક્યું. હું એના ચહેરા તરફ જોઈ રહી. ચિંતા અને ગમગીની સાથે એક ભાવ ભળેલો હતો, નિશ્ચયનો. શાક લેવાઈ ગયું હતું. પૈસા આપલે થઈ ગયા હતા. રેવાએ એના કાટલાં-ત્રાજવું પછાડ્યાં. આ વખતેય પછડાટ એવો જ હતો તોય જાણે એનો ખખડવાનો અવાજ મને જુદો લાગ્યો. લારીને જરૂર કરતાં વધારે જોરથી ધક્કો મારીને ઝડપભેર ચાલી જતી રેવાનો, એક સિંગલ પેરન્ટનો, એની આર્થિક આત્મનિર્ભરતાનો આત્મવિશ્વાસ આગળ વધી રહ્યો હતો.

**સ્વાતિ મેઢ**

# મારી સલામ!

ઘણાં ઘણાં વર્ષો પહેલાંની વાત યાદ આવે છે. કદાચ એકથી વધારે દસકો થઈ ગયો હશે....

જ્યારે મારે કશે બહારગામ જવાનું આવે છે, કોઈ કાવ્યવાંચન માટે, કે કોઈ સાહિત્યિક કૉન્ફરન્સમાં કાવ્યો કે પેપર વાંચવા માટે, કે ઑફિસના કામે કે હવે નેશનલ કે ઈન્ટરનેશનલ મૅનેજમેન્ટની કૉન્ફરન્સમાં રીસર્ચ પેપર રજૂ કરવા માટે ત્યારે હું ખૂબ ઉત્સાહિત થઈ જાઉં. જે શહેરમાં જવાનું હોય તેમાં શું શું જોવાનું છે તેનું લિસ્ટ બનાવી દઉં, વધારે દિવસની મારી ટૂર બનાવી શકાય તેવો અવકાશ હોય તો તે શહેરની આજુબાજુનાં શહેરોમાં પણ શું શું જોવા જેવું છે તેનું લિસ્ટ બનાવું. ટુરિસ્ટ ડિપાર્ટમેન્ટમાં જઈ વધુ માહિતી લઈ આવું.

જોવા જેવી જગ્યાઓએ ખરેખર પહોંચીને જોયાના આનંદ જેટલો જ આનંદ જતાં પહેલાં આખો પ્લાન બનાવવાનો હોય છે. કહેવું મુશ્કેલ છે કે જોયાનો આનંદ વધારે છે કે પ્લાન બનાવવાનો.

અત્યારે તો મને યાદ આવે છે મારો એ પ્રવાસ જ્યારે મને એક કવયિત્રી શ્રીમતી નમીતા જસાણીએ તેમના બીજા કાવ્યસંગ્રહના ઉદ્દ્ઘાટન વખતે મુખ્ય અતિથિ તરીકે રાજકોટ બોલાવી હતી. તેમના પહેલાં કાવ્યસંગ્રહનું ઉદ્દ્ઘાટન આપણા ખૂબ સરસ કવિ શ્રી રમેશ પારેખે કર્યું હતું. રાજકોટ જતાં પહેલાં મેં વિચાર્યું, કે બધું જોવા હું ક્યાં ક્યાં જઈ શકું? રાજકોટ તો જોવાનું ખરું જ. હું વધારે રજા લઈ શકું એમ ન હતું એટલે વિચાર્યું કે આ વખતે જામનગર જોઈ આવું. જામનગર રાજકોટની ઘણું નજીક છે. તો સવારે વહેલી નીકળી આખો દિવસ જામનગર ફરી સાંજે પાછી આવી જઈશ. પછી જામનગરમાં શું શું જોવાનું, એનું લિસ્ટ બનાવ્યું. આજે પણ મને બધે ફરવાની ઘણી હોંસ, ફરવાની હોંસ અને ફરવાનું પ્લાનિંગ કરવાની મઝાને લીધે મેં ઘણી બધી જગ્યાઓ જોઈ નાખી છે.

ને હું રાજકોટથી સવારે જામનગર જવા નીકળી. મને ઐતિહાસિક જગ્યાઓ, મહેલો, કિલ્લાઓ, નેશનલ પાર્ક, મંદિર, ચર્ચ, મસ્જિદ બધું જ જોવાનું ખૂબ ગમે. સાહસિક પ્રવાસ પર નીકળવાનો આનંદ... પોતાની મેળે...એકલા. દરેક ટૂંકી મુસાફરી વખતે ઘરનું કોઈ મારી સાથે આવી શકે એવી અનુકૂળતા નથી હોતી. ફરવા જતી વખતે મને ફરીને બધું જોવામાં વધારે રસ હોય છે ત્યાંથી ખરીદી કરવામાં ઓછો રસ.

તો હવે જામનગરમાં... લખોટા મહેલ અને મ્યુઝિયમ, સુંદર લખોટા તળાવ, પ્રતાપ વિલાસ મહેલ, ઘણા દાયકાઓ થઈ ગયા છે એટલે પાકું યાદ નથી...પણ...બાલા હનુમાન મંદિર, સોલેરિયમ, ભારતમાં માત્ર એક, જામસાહેબે ખાસ બનાવડાવેલું... મને બધાએ કહ્યું હતું, જામનગર જાય છે તો બાંધણી-સાડીઓ લાવવી ભૂલતી નહીં. ત્યાં બધું ખૂબ સરસ મળે છે. જામનગથી રાજકોટ પાછા આવવાની ટ્રેનની ટિકિટ પણ લઈ લીધી હતી એટલે

મોડું થાય ને હું કશે અટવાઈ ન જાઉં અને સહી સલામત રીતે પાછા આવી જવાય.

બધી જગ્યાઓ જોઈ લીધા પછી હું સાડી અને ચૂડીદાર વગેરે જોવા નીકળી. એક એકથી ચડિયાતા. ખરીદવા માટે લિમિટેડ પૈસા લઈને નીકળી હતી અને એટલું બધું ખરીદવું પણ ન હતું. એટલે મને થયું કે જે ખરીદું એ સરસ જ ખરીદું. એટલે જે પહેલી દુકાનમાં જાઉં ત્યાંથી ખરીદીને જ નીકળવાનો પ્લાન ન હતો. એક દુકાનમાં મને ઘણું બધું ગમ્યું અને મેં ઘણી ખરીદી કરી લીધી. પછી એક સિલ્કની સાડી ખૂબ ગમી, પણ થયું આજુબાજુની બીજી દુકાનોમાં જઈને પછી નક્કી કરું કે આ સાડી લેવી છે કે નહીં. દુકાનદાર સમજી ગયો કે મને આ સાડી ગમી છે. મેં કહ્યું કે હું આજુબાજુની દુકાનોમાં જોઈને ફરી આવી આ સાડી લઈ જઈશ. બધે ચક્કર મારી, થોડી વધારે ખરીદી કરી હું વળી એ દુકાનમાં પહોંચી. હવે મેં બધા જ પૈસા ખાલી કરી દીધા હતા. ટ્રેનની ટિકિટ તો હતી, પણ જામનગર સ્ટેશન સુધી રિક્ષાના પૈસા રાખવા પડે. રાજકોટ સ્ટેશન પર ઊતરી ઘેર (ઉતારે) જવાના પૈસા રાખવા પડે. વળી કદાચ ટ્રેન ચુકાઈ ગઈ, તો રાજકોટ પહોંચવાના પૈસા રાખવા પડે.

દુકાનદારને મેં કહ્યું, સાડી તો ખૂબ ગમી છે પણ પૈસા ઓછા પડે તેમ છે. રાજકોટમાં તો મેં પૈસા રાખ્યા છે. છેવટે તો મારે મુંબઈ પહોંચવાનું છે એક બે દિવસમાં...

ત્યારે દુકાનદારે જે કહ્યું તે મને દસકાઓ પછી પણ યાદ છે. તેણે કહ્યું, બહેન સાડી લઈ જાઓ, રાજકોટ પહોંચીને પૈસા મોકલજો. મેં કહ્યું રાજકોટ પહોંચીને નહીં મોકલી શકું, મુંબઈ પહોંચીને મોકલી શકીશ. તો કહે, ''વાંધો નહીં''.

પછી કહે, ''બ્હેન, તમે નાગર છો? મને થયું એને કેવી રીતે ખબર પડી? તેણે કહ્યું તમારી ભાષા ઉપરથી ખબર પડી જાય છે. તમારા દેખાવ પરથી ખબર પડી જાય છે. હું તો મુંબઈ રહેનાર, મુંબઈમાં લોકો નાગર શું એ ખાસ સમજતા નથી. તમે ગુજરાતી છો કે મરાઠી ભાષી છો, એટલું જ સમજે છે. તો આ દુકાનદાર મને નાગર તરીકે કઈ રીતે ઓળખી ગયો? પછી મને યાદ આવ્યું કે હું જ્યાં જ્યાં ફરતી હતી ત્યાં નાગરોની અટકો ખૂબ દેખાતી હતી. એ મેં નોંધ્યું હતું. ડૉ. હાથી, ઍડ્વોકેટ બૂચ વગેરેનાં પાટિયાં મેં ખૂબ જોયાં હતાં અને હું ખુશ પણ થઈ હતી. દુકાનદાર કદાચ નાગરોને ઓળખતો હશે.

દુકાનદારે મને કહ્યું, બ્હેન ચિંતા ન કરતા, મુંબઈ પહોંચીને પણ મને તમે પૈસા મોકલશો તો વાંધો નથી. મને થયું આ માણસ મને બિલકુલ ઓળખતો નથી અને આટલી મોંઘી સાડી એક અજાણી વ્યક્તિને આપવા ખરો તૈયાર થયો ! દુકાનદાર કહે બ્હેન તમને સાડી ગમી છે ને, બસ તમતમારે લઈ જાઓ. હું તો આશ્ચર્યચક્તિ જ હતી. દુકાનદારને ખાતરી છે કે હું પૈસા મોકલીશ, કારણકે હું નાગર છું અને નાગરો પ્રામાણિકતા માટે જાણીતા છે.

મને યાદ આવી ગઈ એક વાત કે મારાથી મોટા

એક સહાધિકારીએ ઑફિસમાં એક દિવસ કહ્યું હતું કે ગાયકવાડી રાજમાં એક વખત એક 'સ્ટડી' થયો હતો, કે ગાયકવાડી રાજમાંની બધી જેલોમાં કઈ કઈ જ્ઞાતિના કેટલા કેદીઓ હતા. ત્યારે એ તારણ નીકળ્યું હતું કે એકેય જેલમાં એકેય નાગર ન હતો. એટલે પેલા સહાધિકારીએ કહ્યું હતું કે નાગરો પ્રામાણિક્તા માટે જાણીતા છે. મને થયું'તું એટલે જ કદાચ ઘણા નાગરો રાજાના દીવાન હતા, હોંશિયારી તો ખરી જ, પણ ઈમાનદારી પણ ખરી.

છેવટે પેલા દુકાનદારે મને સાડી પૅક કરીને આપી દીધી અને એની દુકાનનું વિઝિટિંગ કાર્ડ આપ્યું. હું ખરેખર એ દુકાનદારથી પ્રભાવિત થઈ ગઈ કે એક અજાણી વ્યક્તિને બહારગામની વ્યક્તિને એણે મોંઘી સાડી આપી દીધી!

વાત ત્યાં અટકતી નથી. 'ટૂરિસ્ટ'ની બધી જગ્યાઓ જોવામાં ને જોવામાં અને ખરીદી કરવામાં ખૂબ મોડું થઈ ગયું હતું. હવે જો હું સહેજ વધારે મોડી પડત તો મારી ટ્રેન હું ચૂકી જાત! હું એક રિક્ષામાં બેઠી અને રિક્ષાવાળાને કહ્યું કે જલદીથી મને સ્ટેશને લઈ જા, નહીં તો મારી ટ્રેન ચુકાઈ જશે અને જો ચુકાઈ જશે તો મારી પાસે રાજકોટ પહોંચવાના પૈસા નથી. ખૂબ બધી સાડીઓ ગમી જવાને લીધે અને એ હિંમતને લીધે કે પાછા જવાની ટ્રેનની ટિકિટ તો છે ને એટલે વાંધો નથી, ખર્ચી નાખું. મેં પૈસા વાપરી નાખ્યા હતા.

પેલો રિક્ષાવાળો રિક્ષા દોડાવતો રહ્યો મને કહે ચિંતા ન કરશો બહેન હું તમને ટાઈમસર ટ્રેન પર પહોંચાડી દઈશ અને બહેન મને રિક્ષાનું ભાડું ન આપતાં મેં એને કહ્યું, મારી પાસે ભાડાના પૈસા છે. એમ કેમ કરાય કે હું તને ભાડું ન આપું. ત્યારે એણે જે કહ્યું તે શબ્દો મને દાયકાઓ પછી પણ યાદ છે. મેં તમને મારાં બહેન કહ્યાં છે. બહેન માટે હું આટલું પણ ન કરી શકું? મેં કહ્યું ના ના, મારી પાસે ભાડાના પૈસા છે ને. તે કહે ના બહેન તમે તમારી પાસે પૈસા રાખો, કદાચ તમને જરૂર પડે મેં મારી બહેન માટે આમ કર્યું એવું સમજજો.

મારી જામનગરની એક દિવસની 'ટ્રિપ' મારા હૃદયમાં કોરાઈ ગઈ છે. મેં તેના પછી ઘણી ''ટ્રિપ'' કરી, જુદી જુદી જગ્યાએ પણ ગઈ, પણ આ બંને માણસોને હું કદી નહીં ભૂલું. રિક્ષાવાળો એક અજાણી વ્યક્તિ માટે જેને એ ક્યારેય ફરી મળવાનો નથી તેને માટે પોતાનું ભાડું છોડી રહ્યો હતો અને પેલો દુકાનદાર જે એક અજાણી વ્યક્તિ માટે જે એને ક્યારેય કદાચ ભવિષ્યમાં નહીં મળે તેને માટે એ મોંઘી સિલ્કની સાડી પૈસા લીધા વગર આપી રહ્યો હતો !

વાહ જામનગર ! તું આજે પણ મારા હૃદયમાં એક ખાસ જગ્યા પર છે. માણસ! કેટલો બધો દિલવાળો છે. અજાણી વ્યક્તિને મદદરૂપ થવા કેટલો તૈયાર છે!

વાહ! મારી સલામ આ બંને વ્યક્તિઓને!

**સંસ્કૃતિરાણી દેસાઈ**

# રણમાં જન્મેલો જુવાળ- જીવિતા*ને જુહાર

મુંબઈના જુહુ વિસ્તારમાં આવેલી એસ.એન.ડી.ટી યુનિવર્સિટીના કેમ્પસમાં કેસરી કબજો અને ઘેરવાળો ચણિયો પહેરેલી અને માથે એવા જ ભડક રંગની ઓઢણી ઓઢેલી આધેડ સ્ત્રીને જુઓ તો તમે શું વિચારો? કે નક્કી આ બહેન ભૂલાં પડ્યાં હશે કે પછી કૉલેજમાં વેશભૂષા હરીફાઈ જેવું કંઈક હશે. પણ તોય એમાં તો યુવાન છોકરીઓ હોય, આ ડોશી થવાની ઉંમરે આ બહેને શું વેશ કાઢ્યા હશે? પછી તમે કુતૂહલવશ એમની પાછળ પાછળ જાઓ. નજીકમાં જ આવેલા ઑડિટોરિયમ સુધી. અને જુઓ તો ઑડિટોરિયમની બહાર ઊભેલા કેટલાક લોકો એમને હોંશે હોંશે આવકારી રહ્યા છે. તમને થશેઃ ઓહ, તો તો એ મહેમાન છે આ યુનિવર્સિટીનાં એમ? પાછું તમને આશ્ચર્ય થશેઃ પણ, સાવ આવા ગામડાંગામનાં બહેન? પછી તમે પણ ઑડિટોરિયમમાં જાઓ. તમે જુઓઃ એ બહેન સ્ટેજ પર ચઢે છે અને જ્યાં અંગ્રેજીમાં 'ભંવરીદેવી' લખ્યું છે એ તકતી આગળ જઈને બેસે છે. પછી એક ટૂંકી ઔપચારિકતા થાય. એમાં ભંવરીદેવીનો પરિચય અપાય. પછી સાવ ગમાર જેવાં લાગતાં આ બહેન ભાષણ આપવા ઊભાં થાય અને એ ભાષણ ભારતની કે કદાચ વિશ્વમાં સ્ત્રી સશક્તિકરણની થઈ રહેલી સઘળી વાતોનું એક જીવંત ઉદાહરણ બની જાય.

હા, આ એ જ ભંવરીદેવી જેમણે ભારતની ઘર બહાર કામ કરતી લાખો-કરોડો સ્ત્રીઓનું વિશ્વ બદલી નાખ્યું છે.

રાજસ્થાનના ભાટેરી ગામમાં પોતાના પતિ મોહનલાલ પ્રજાપત અને ચાર બાળકો સાથે રહેતાં ભંવરીદેવી મૂળે કુંભાર જ્ઞાતિનાં. ભંવરી રાજસ્થાન સરકારના વુમન ડેવેલપ્મેન્ટ પ્રોજેક્ટમાં 'સાથીન' તરીકે કામ કરતાં હતાં. એમનું મુખ્ય કામ ગામડાંમાં અને એમની આસપાસના વિસ્તારમાં સ્ત્રીઓને થતા અન્યાય સામે અવાજ ઉઠાવવો. ૧૯૯૨માં રાજસ્થાન સરકારે ભાટેરી અને એની આસપાસના વિસ્તારમાં થતાં બાળ લગ્નો રોકવાની ઝુંબેશ ઉપાડેલી. 'અખાત્રીજ' એટલે આંધળું મુહૂર્ત. આ 'શુભ દિવસે' કંઈ કેટલીય દીકરીઓના જીવનમાં અંધારું પથરાઈ જવાનું હતું. એવા જ એક બાળલગ્ન લેવાઈ રહ્યાં હતાં ગુર્જર (રાજસ્થાનની ઉપલી જ્ઞાતિઓમાંની એક) કુટુંબની નવ મહિનાની બાળકીનાં. જી હા નવ મહિનાની બાળકીનાં લગ્ન. ભંવરીદેવીએ એ દિવસે કામના ભાગ રૂપે આ લગ્ન અટકાવવાનો પ્રયત્ન કરેલો. પોલીસની આખી ટીમ લઈને નીકળેલાં ભંવરી એ ક્ષણે એ લગ્ન અટકાવવામાં સફળ રહેલાં, પણ આખરે એ લગ્ન તો થયેલું જ. એ પણ રાત્રે બે વાગ્યે, ખાનગીમાં. એક બાળકીના જીવનમાં આંધળું મુહૂર્ત તો કાળ ચોઘડિયું બન્યું જ, પણ એટલેથી અટક્યું નહીં. એ દિવસથી શરૂ થઈ ભંવરી માટે એક લાંબી અંધારી કપરી સફર. ગામ લોકોએ ભંવરીના કુટુંબનો બહિષ્કાર કર્યો. ગુર્જરો મૂળ તો દૂધના ધંધામાં. એથી



એમણે ભંવરીના કુટુંબને દૂધ પહોંચાડવાનું પણ બંધ કરેલું.

આ ઘટનાના પાંચ મહિના પછી સપ્ટેમ્બર ૧૯૯૨માં ગુજ્જર કુટુંબના પાંચ પુરુષોએ ભંવરી અને એમના પતિ જે ખેતરમાં કામ કરતાં હતાં ત્યાં આવીને એમના પતિની મારપીટ કરેલી. ભંવરી જેવાં એમને રોકવા ગયાં એવાં એમને ઝાલીને ગુજ્જર ભાઈઓ અને ભત્રીજાએ એમના પર વારાફરતી સામૂહિક બળાત્કાર કરેલો. એમણે કરેલી પોલીસ ફરિયાદના અંતે એ ગુનેગારોની ધરપકડ થયેલી, પણ ગામના વિધાનસભ્યની મદદથી એ બધા જ છૂટી ગયેલા. આવા અપમાનની તો હજુ શરૂઆત હતી. ત્યાર પછી ભંવરીએ એક પછી એક અનેક કડવા ઘૂંટડા ગળવા પડેલા.

ઘટનાના દિવસે પહેરેલો ચણિયો પોલીસ સ્ટેશનમાં જમા કરાવવો પડેલો. એ ઘટનાથી લઈને તે વખતે જરૂરી એવી two finger test પણ દવાખાને જઈ કરાવવો પડેલો અને એ પણ ઘટનાના અડતાળીસ કલાક પછી (કાયદા પ્રમાણે ૨૪ કલાકમાં જ યોનિનો સ્વેબ પુરાવા તરીકે લેવાવો જોઈએ). કારણકે મૅજિસ્ટ્રેટનો ઑર્ડર આવ્યો નહોતો અને મહિલા દાક્તર ગેરહાજર હતી. કોર્ટમાં ત્રણ વર્ષ ચાલેલા કેસમાં, પાંચ વાર બદલાયેલા ન્યાયાધીશો પછી પુરાવામાં કરાયેલો ઢાંકપિછોડો અને કાવતરાને લીધે રાજસ્થાનની નીચલી કોર્ટે પાંચેય ગુનેગારોને નિર્દોષ જાહેર કરેલા. કારણોમાં એમ કહેવાયું કે ભંવરીનો આરોપ પાયાવિહોણો છે. સામૂહિક બળાત્કાર શક્ય

નથી કારણકે જો એમ થયું હોય તો એ સમયે એનો પતિ ભલે ઘાયલ હોય, પોતાની પત્નીનો બળાત્કાર થવા દે જ નહીં. બીજું આધેડ વયના કાકાએ એના ભત્રીજાની હાજરીમાં બળાત્કાર કર્યો હોય એવું ભારતીય પરંપરા(!) માં શક્ય નથી. સાથે ભંવરીના ચણિયા પરથી અને યોનિમાંથી વીર્ય મળ્યું ન હતું.

૧૯૯૫માં નીચલી કોર્ટના ચુકાદા છતાં ભંવરી હાર્યાં નહોતાં અનેક સામાજિક સંસ્થાઓના સહકારથી એ સતત ઝઝૂમ્યાં. છેક ૨૦૦૭માં એટલે કે ઘટનાનાં ૧૫ વર્ષ પછી હાઈકોર્ટમાં સુનાવણી થઈ ત્યારે પાંચમાંના બે આરોપીનું તો નિધન પણ થઈ ગયેલું, પણ ભંવરીની આ લડાઈ ફોગટ ન ગઈ. એમની લડત, હિંમત અને એમણે અવિરત ઝીલેલા પડકારને બિરદાવવા એમને United Nations Fourth World Conference on Women in Beijingમાં સહભાગી થવાનું આમંત્રણ મળેલું અને ૧૯૯૪માં એમને મનીરજા ભનોતમ એવોર્ડ પણ મળેલો, પણ આ લડત ક્યાં એમની પોતીકી કે ખાનગી હતી? એમની આ લડતને પરિણામે આપણને મળી વિશાખા ગાઈડલાઈન્સ. વિશાખા અને બીજી કેટલીક સંસ્થાઓએ ભંવરીની લડતમાં પીઠબળ પૂરું પાડેલું. જે સતત ઝઝૂમતાં રહ્યાં ન્યાય માટે એમણે અપાવી આ ગાઈડલાઈન્સ. જે અંતર્ગત કામના સ્થળે થતી હિંસા વિરુદ્ધ મહિલાઓને રક્ષણ મળી શકે. કારણકે ભંવરી પર થયેલો અત્યાચાર એમના કામનું જ પરિણામ હતું. આજે (૨૦૧૩થી) આ ગાઈડલાઈન્સે તો કાયદાનું રૂપ પણ લઈ લીધું છે. હવે કોઈ ભંવરીને કામના સ્થળે કોઈ પણ જાતની હિંસાનો સામનો ન કરવો પડે એવું મજબૂત શસ્ત્ર, પણ આ શસ્ત્ર પાછળ ભંવરીની બબ્બે દાયકાની અથાક લડત જવાબદાર છે.

આ લડતની વાર્તા ભંવરીને મોંએ સાંભળી, આંખોમાં મક્કમતાભરી ચમક જોઈ, એમને હૈયે ઊઠેલો દાવાનળ અનુભવ્યો. તે દિવસથી આશાનું, સદીઓના અંધકાર સામે થતા સંઘર્ષ પછીના અજવાળાનું એક બીજ મારી અંદર રોપાયું. ભંવરી પહેલાંય અનેક ભંવરીઓ હતી, આજેય ભંવરી જેવી જ અનેક મનિષીઓ રોજ લડે છે. કેટલીય ખપ્પરમાં હોમાય છે, પણ તે છતાંય જો મારી અંદર હજુ એક નાનકડો દીવો મશાલ થવા મથી રહ્યો છે તો એનું કારણ છે મારા માંહ્યલાના કોડિયામાં ભંવરીની હિમ્મતે પૂરેલું તેલ. સૂકાભઠ્ઠ રણમાં, તપતી રેતીમાં જન્મેલો ભંવરી નામનો જુવાળ મને જીવવાના, ઝઝૂમવાના પાઠ શીખવી ગયો છે. એ જુવાળને મારા ઝાઝા જુહાર.

જીવિતા* - મને ખયાલ છે ત્યાં સુધી ગુજરાતી ભાષામાં જીવિતા જેવો કોઈ શબ્દ નથી. પણ હિંસાનો ભોગ બનનાર પીડિતા હોય તો એમાંથી બચી જઈને જીવી જનાર (survivor) ને જીવિતા કહેવું ખોટું તો નથી જ.

**ડૉ. ખેવના દેસાઈ**

# ‘કર ભલા, હોગા ભલા.’

## (સત્યઘટના પર આધારિત)

મારી ઉમર લગભગ સાત-આઠ વર્ષની હશે. મારી એક બહેન મારાથી એક વર્ષ મોટી ને બીજી ચાર વર્ષ. અમે બધા સાંજે ફળિયામાં રમતાં હોય. દર રવિવારે શેરીમાં ગોમતીબેન કરીને એક બેન આવતાં. તે ગાતાં જાય, બધાંને ખુશ કરતાં જાય ને વળતરમાં કંઈક ને કંઈક ખાવાનું કે પૈસા લેતાં જાય. શેરીમાં આવે એટલે જુએ કે કોને ત્યાં શું નવું આવ્યું છે? ને એ પ્રમાણે ગીત ગાય -

ગુડ્ડીબેન તો મોટર-ગાડીવાળાં
ગુડ્ડીબેન ગાડીમાં ફરવા જાતાં.

ત્યાં વળી બીજું ગીત આવે -
વૈદુબેન તો બંગલાવાળા
વૈદુબેનના બંગલા મોટા.

અર્પિતભાઈને ઘેર બાબલા રમે.
અર્પિતભાઈના બાબલા ડાહ્યા.

- આમ ગાતાં જાય. અમને રક્ષાપોટલી બાંધે ને કેટલુંય સારું-સારું બોલી અમને ખુશ કરે. એ ગીત ગાય એના બદલામાં અમારી મમ્મી એ ગોમતીબેનને રોટલી-શાક આપે કાં તો થોડા પૈસા આપે. એ અન્ન કે પૈસાને માથે ચડાવે ને કહેતાં જાય, બીજાનું ભલું ઇચ્છો તો આપણુંય ભલું થાય ને! જો આ તારી મમ્મીએ મને ખાવાનું આપ્યું ને! આજે એ અર્પિતભાઈને ઘેર ખરેખર બાબલો રમે છે.

આજે ડગલે ને પગલે સ્વાર્થ ને સ્વકેન્દ્રીપણું જોવા મળે છે ત્યારે નાનપણનો આ પ્રસંગ યાદ આવે - ‘કર ભલા તો હોગા ભલા.’ પામતા-પોષતા માણસો અન્યનું નથી વિચારી શકતા ત્યારે ગોમતીબેન જેવા જરૂરિયાતમંદ લોકો આશીર્વાદ આપીને આશીર્વાદ પામી જાય છે.

**ડૉ. પ્રેરણા બુચ**

# નાના માણસની મોટી છલાંગ

કિશનલાલ ડોડીયા!

દિલ્હી! એક એવું શહેર કે જયાં આમ તો બધું સામન્ય છે, પરંતુ આમ જુઓ તો કશું જ સામાન્ય લાગે એમ નથી. રાજનેતાઓના રહેવાસથી ભરચક આ શહેરની હવા પ્રદૂષિત તો છે જ, પરંતુ પ્રદૂષણ માત્ર ધુમાડા પૂરતું સીમિત નથી રહ્યું. કદાચ ધુમાડાના પ્રદૂષણે લોકોની માનસિકતામાં પણ વસવાટ કર્યો હોય એનો અહેસાસ કરાવતા આ શહેરમાં મળી ગઈ એક એવી વ્યક્તિ કે જે એની દીકરી માટે સાચા અર્થમાં મસીહા છે અને એમનું જીવન આપણને સહુને પ્રેરણા આપી શકે એવું છે.

દિલ્હીની હાડ થિજાવતી ઠંડીમાં હિટર ચાલુ કરી, ધાબડો ઓઢીને આ લખી રહ્યો હતો ત્યારે કિશનભાઈ પોતાની રિક્ષા લઈને કોઈ બીજી સવારીએ નીકળી પડ્યા હશે. ગુજરાત ભવનથી રિક્ષામાં કંપની ગેસ્ટ હાઉસ આવવા માટે ઓલા ઓટો કરી. રિક્ષા દસ જનપથ રોડ પાસેથી પસાર થઈ અને મેં સ્વાભાવિક રીતે પૂછ્યું,'' દેશ કિ સબસે પુરાની પાર્ટી કે ''યુવા'' નેતા યહાં રહતે હૈ?''

''નહિ યહાં પર ઉનકી માતાજી રહેતી હૈ, નવાબ સાહબ તો તુગલક રોડ પે રહેતે હૈ!''

મારાથી સ્વાભાવિક રીતે જ હસી પડાયું અને એને જાણે મોજ પડી હોય એમ આગળ કહ્યું, ''જો જહાં સે આયેગા વહી કે સંસ્કાર ભી લાયેગા ના! મૈને મેરી બેટી કો બોલા હૈ, જહાં ભી રેહના હૈ રહો, જો ખાના-પીના હૈ ખાઓ પર બેટા અપને સંસ્કાર કભી મત ભૂલના! સંસ્કાર હમારી જડેં હૈ!''

''વો પઢ તો રહી હૈ ના?'', મારાથી સ્વાભાવિક રીતે પુછાઈ ગયું.

''હાં સાબ જર્મની મેં હૈ!''

''જર્મની?'', લગભગ મારી સીટ ઉપરથી ઉછળતાં મેં કહ્યું!

''જી સાબ ઉસકો મૈને જર્મની ભેજા હૈ, બાયોટિક સાયન્સ મેં પોસ્ટ ગ્રેજ્યુએશન કે લીયે!''

એક નાનકડા માણસની આટલી મોટી છલાંગ મેં જીવનમાં પહેલી વાર અનુભવી હતી! મારી પાસે એમને જવાબ આપવા માટે શબ્દ નહોતા. જાત ભાતનાં બહાનાઓ વચ્ચે અટવાઈ રહેલી આ દુનિયાની ભીડની વચ્ચે કોઈ ભડનો દીકરો એવો પણ છે કે જે દિલ્હી જેવા ખિસ્સું ખાલી કરી દે એવી મોંઘવારીવાળા શહેરમાં રિક્ષા ચલાવીને પણ પોતાની દીકરીના આગળ અભ્યાસ કરવાના કોડ પૂરા કરી રહ્યો છે. મેં મારા એક લેખમાં લખેલું એમ માનવીની ડિક્શનરીમાં ''અશક્ય''ને અવકાશ નથી.

ઈશ્વર ક્યારેક આપણી સાથે અન્યાય કરતો હશે, અન્યો જેટલી કામ કરવાની તક આપણને કદાચ એ નહિ આપતો હોય એવું બને, પરંતુ માનવીના પુરુષાર્થ આગળ કોઈ પણ કાર્ય અશક્ય નથી જ એનું કિશનભાઈ જીવતું જાગતું ઉદાહરણ છે.

જ્યારે જ્યારે જીવનમાં પૈસાનો પનો ટૂંકો લાગશે ત્યારે ત્યારે હું આ વ્યક્તિને યાદ કરીશ કે જેણે દિલ્હી જેવા શહેરમાં રિક્ષા ચલાવીને પોતાની દીકરીને આગળ ભણવા જર્મની મોકલી! ટૂંકો કદાચ આપણો આત્મવિશ્વાસ પડતો હોય છે સાહેબ! બાકી આ

દુનિયામાં જે હિમ્મત કરે છે એને કિનારો અચૂક મળી આવે છે.

રિક્ષા ગેસ્ટ હાઉસ પહોંચી અને મેં છેલ્લો સવાલ કર્યો,'' વૈસે કૌનસી યુનિવર્સિટી મેં પઢતી હૈ?''

નિર્દોષતાથી એમણે કહ્યું,''વો તો નહિ પતા સાહબ! કુછ શહર બતાયા થા બીટિયાને અભી યાદ નહિ હૈ'' એમને જર્મનીના એકપણ શહેરનું નામ નહોતું આવડતું. કદાચ અંગ્રેજી પણ નહોતું આવડતું, અરે! એમની છોકરી ક્યા શહેરમાં છે એ પણ નહોતી ખબર! પરંતુ એક વસ્તુ જે એમને આબાદ આવડી છે એ છે જિંદગીને જીવવાનો નહિ જીતવાનો જઝબો!! એમણે જીવનની પાઠશાળાનો એક એવો પાઠ શીખવાડી દીધો કે જે કોઈ પાઠ્યપુસ્તક શિખવાડી શકે એમ નથી.

આપણી મર્યાદા કદાચ આપણે જાતે જ માની લેતા હોઈએ છીએ નહિ? આગળ પાછળનું વિચારીને દુઃખી રહેવા કરતાં પોતાનું કામ મહેનતથી કરતાં જઈએ, હૈયે થોડી ડેરિંગ રાખીએ તો કોઈ પણ વસ્તુ પામવી અશક્ય નથી જ! એક વ્યક્તિ જો રિક્ષા ચલાવીને પણ પોતાની વહાલસોયીને જર્મની મોકલી શકતો હોય, લગભગ અશક્ય એવું સ્વપ્ન સાર્થક કરી શકતો હોય તો વિચારો આપણા સપનાને સાર્થક કરતાં રોકે કોણ છે??

બીજું તો શું કરી શકું એ પ્રતિભા માટે, પરંતુ રસ્તા ઉપર સાવ સામાન્ય જીવન જીવતા આવા સૂર્યો પોતાના કર્મના પ્રકાશે આપણને પ્રેરણા આપતા રહે એ હેતુથી એમની સાથે છૂટા પડતી વેળાએ આ




તસવીર મારી યાદગીરી રૂપે મેં કેદ કરી લીધી. ૨૯ વર્ષમાં ક્યારેક મુંબઈની લોકલમાં, તો ક્યારેક કોઈ ટૅક્સીમાં લગભગ હજારો અજાણ્યા લોકો જોડે વાતો કરી હશે! જડી આવે છે ક્યારેક આવા વિરલા કે જેમને સલામ કરવાનું મન થાય! સાચા દિલથી વંદન કરવાનું મન થાય.

અને હા! જેના નામમાં કિશન કન્હૈયો વસે એ ચમત્કાર ન કરે તો બીજું શું કરે??

**તિર્થંક રાણા**

# હાથલાકડી

હમણાં સહેજ પવનની લહેરખી આવશે... તો આ સાંધ્યદીપ બુઝાઈ જશે, એવી આશંકા સાથે, જીવતા મારા જેવા અનેક વડીલોની એક ઇચ્છા તો હોય કે ચાર ધામની યાત્રા કરીને જઉં. હું પણ કંઈ જુદી નથી. મારી પણ એવી જ સહેજ જુદી ઇચ્છા છે. મારે તીર્થાટન નથી કરવું, પણ તીર્થ સ્વરૂપ માણસો જેમની સાથે મેં જીવન વિતાવ્યું તેમની સાથે અંતરમનની વિતાવેલી ક્ષણોમાં જ આનંદ મેળવવો છે.

તેમનું નામ કોઈ નથી જાણતું. બધા જ તેમને 'મૌશી'ના હુલામણા નામથી જ ઓળખે છે. અમે પણ એમને મૌશી જ કહીએ છીએ. તે અમારા ઘરની કામવાળી બાઈ છે તે રીતે અમે તેમની ઓળખાણ ક્યારેય નથી આપી. અમે હંમેશાં એમને 'આ અમારા મૌશી છે.' એમ જ કહીએ છીએ. ખરેખર, ને મારા બે પુત્રોઅને પૌત્રોને તેમણે જે રીતે સાચવ્યા છે, તે તો જાણે 'મા કરતાં માશી સવાઈ' એ કહેવતને સાર્થક કરે છે.

બન્ને બાળકો નાના, ઘરમાં કોઈ વડીલ નહીં, તો શરદી, તાવ કે કંઈ પણ નાની મોટી માંદગીમાં મૌશી અમારા કુટુંબના ડૉક્ટર બની જાય. તેમની દવા એટલી અકસીર હોય કે બાળક એક-બે દિવસમાં રમતું થઈ જાય. મારી આખા દિવસની નોકરી તેથી તે બધાને સાચવે. કોને શું ભાવે તે એ ખૂબ સારી રીતે જાણે. બધાને માટે એમની લાગણી એટલી ઊંડી કે કોઈને કંઈ પણ તકલીફ હોય તો તરત જ પોતાને થાક ભૂલી મદદ કરવા દોડી જાય.

હું તેમની પાસેથી ઘણું શીખી, કોઈ પણ જાતની આશા વગર બધાનું કરી છૂટે. ક્યારેય કોઈનું ઘસાતું ના બોલે. હંમેશાં હસતાં અને હસાવતાં. ઘરનું કોઈ પણ સભ્ય તેમને ના દેખાય તો પાછા તેની ભાળ લે, આ અમારા મૌશી અમને બહુ જ ગમે. મારી સાથે હંમેશાં મરાઠીમાં જ વાત કરે.

થોડા દિવસથી તેમની તબિયત થોડી નરમ રહેતી હતી. એક દિવસ સવારે આવીને મારી પાસે બેઠાં. કોઈ દિવસ જેમની આંખોમાં મેં પાણી નહોતું જોયું તે મૌશીએ રડતાં રડતાં કહ્યું, ''ભાભી, ચાળીસ વર્ષ થયાં તમારું કામ કરતાં'', મેં કહ્યું ''હા, મૌશી તમારી લીધે તો મારું ગાડું ગબડી જાય છે. તમે તો ૪૦ વર્ષમાં ૪ રજા પણ નથી લીધી તો આજે કેમ રડી પડ્યાં? તમે તો આપણા પ્રધાનમંત્રી જેવા જ છો, એ પણ રજા નથી લેતા.'' રડતાં મૌશી હસી પડ્યાં. તરત જ તેમણે બે હાથ જોડ્યા. ''અરે, ભાભી તમે મને પ્રધાનમંત્રી સાથે સરખાવો છો? એ તો આખો દેશ ચલાવે છે.'' ''અરે મૌશી, મોદીજી પણ એમ જ કહે છે કે દરેક માણસ પોતાનું કામ સારી રીતે કરે તો આપણા દેશની પ્રગતિ થાય.'' તે કહે છે કે 'સબ કા સાથ, સબ કા વિકાસ' તે તમે નથી સાંભળ્યું?''

''ભાભી તમારી વાત ખરી, પણ હવે મારાથી કામ થતું નથી. ભાભી મને રજા આપો.'' તેમના અવાજમાં ધ્રુજારી હતી. તે રડવું રોકી નો'તા શકતાં. આટલું બોલવામાં તો તે બે હાથે મોઢું ઢાંકી ડૂસકાં દબાવી રડી પડ્યાં. હું તેમની પાસે બેઠી. તેમની પાણી પિવડાવ્યું. થોડી વાર કોઈ કંઈ જ ના બોલ્યું. મારા પતિ અંદર જઈ એક નવી શાલ લઈ આવ્યા ને એક કવર તેમના હાથમાં મૂક્યું. તેમની આંખોમાં પણ પાણી હતું. મૌશી અમની પગે લાગ્યાં અની ધીમે ધીમે દાદરો ઊતરીને ગયાં હું તેમની સાથે તેમને ઘેર મૂકવા ગઈ.

ઘરમાં ત્રણ દિવસ ખૂબ અજંપો. નવી બાઈને સૂચનો આપી વહુઓ થાકી ત્યાં તો એક દિવસ મૌશી બારણે દેખાયાં. ઘરમાં મૌશી આવ્યાં, મૌશી આવ્યાંની બૂમાબૂમ. ''અરે મૌશી, તમે?'' ''હા, હું, ભાભી તમે બધા મને બહુ યાદ આવો છો. ઘેર મને બધા બઢે છે કે હવે તું ચિંતા છોડ, પણ તમારા વગર કેવી રીતે રહું? એટલે હું પાછી આવી.''

મૌશી આજે પણ મારી હાથલાકડી બની મારી સાથે છે, દુનિયાની નજરે નાના માણસ કહેવાય, પણ મને પૂછો તો એમના જેવું મોટું કોઈ નહિ.

**અમી યાજ્ઞિક**

# ‘કથંતિ હિ પુણ્યેન ભવતી’

કુલં પવિત્રં જનની કૃતાર્થા,
વસુંધરા પુણ્યવતી ચ યેન.

જેમના જન્મથી કુળ પવિત્ર બને, જનેતા કૃતાર્થ થાય અને પૃથ્વી પુણ્યવતી બની જાય એવી વિરલ વ્યક્તિનો સંપર્ક પણ ‘કથંતિ હિ પુણ્યેન ભવતી’ આવા વિરલ, વિરાટ અને વિશિષ્ટ વ્યક્તિત્વના સ્વામી અમારા પિતાશ્રી સ્વ. શ્રી વિશ્વનાથ હાથી એટલે જેનું જીવન ધૂપસળી છે, અંત લગી એ જાત બળી છે.

હાલાર પંથકના એક નાનકડા ગામ ચિત્તલમાં વિ.સં ૧૯૬૦ની ગુરુપૂર્ણિમાના પવિત્ર દિવસે તેમનો જન્મ.. શાળાનું શિક્ષણ ચૂડા, વઢવાણ અને રાજકોટ ખાતે. કૉલેજનું શિક્ષણ મામાને ત્યાં રહી મુંબઈ ખાતે. ૧૯૨૬માં અંગ્રેજી અને સંસ્કૃતના વિષયો સાથે મુંબઈની વિલ્સન કૉલેજમાથી ગ્રેજ્યુએટ થયા.. માતાનું નાની ઉંમરે અવસાન થતાં અને પિતાએ ૩૩ વર્ષની ઉમ્મરે નોકરી છોડી દીધેલી એટલે ત્રણ ભાઈઓ અને બે બહેનોની જવાબદારી તેમના શીરે આવી પડી. પરિણામે બીજી ઓક્ટોબર ૧૯૨૬ની એક સવારે રાજકોટનો આ ફૂટડો અને તરવરિયો સોહામણો, છ ફૂટ ઊંચો નાગર યુવાન આંખોમાં વિલક્ષણ ઘણુંબધું કરવાની તમન્નાનું આંજણ આંજીને આવી ઊતર્યો, ઉત્તર ગુજરાતના એક નાનકડાં ગામ પાલનપુરમાં ‘શમણાંની પોટકી’ લઈને એક શિક્ષકના વ્યવસાયમાં ઝુકાવવા, એ જમાનાની વિદ્યાવંત અને સમર્પિત શિક્ષકોથી ખ્યાતનામ પાલનપુર હાઈ સ્કૂલમાં. ત્યારે તેને ખબર ન હતી કે ફૂલોથી મઘમઘતું સ્ટેશન અને ધૂળથી ઢંકાયેલ ગામ તેને એવી રીતે અપનાવી લેશે કે જીવનનાં ચોસઠ વર્ષ પોતે આ ગામને સમર્પિત કરી દેશે અને હાથી કાકાના હુલામણા નામે પાલનપુરીઓના અંતરમાં ઊતરી જશે.

વર્ગખંડમાં અધ્યાપન તેમ જ વર્ગખંડની બહાર શાળા પરિસરમાં પ્રતિભાવિકાસની નાટક મેળાવડા જેવી વિધવિધ પ્રવૃત્તિઓ થકી તેમનું શિક્ષકત્વ બરોબર ખીલતું રહ્યું.

દરમ્યાનમાં તેમના અભ્યાસક્રમનું અધૂરું સ્વપ્ન તેમણે પૂરું કર્યું.

૧૯૪૦માં Position of Indian states in Federal India દ્વારા એમ.એ.ની ડિગ્રી પ્રાપ્ત કરી.. તેમની કાર્યક્ષમતા પારખી પાલનપુરના તત્કાલીન નવાબસાહેબે ૧૯૪૪માં સ્ટેટના શિક્ષણાધિકારીના મોભાદાર પદે તેમની નિમણૂક કરી. તેમના આ કાર્યકાળ દરમ્યાન સ્ટેટની શિક્ષણવ્યવસ્થામાં નોંધપાત્ર ફેરફાર કર્યા. સ્ટેટના તાબાનાં નાનાંમોટાં ગામડાઓમાં નવી શાળાઓ શરૂ કરી. પાલનપુરમાં એક નવી મિડલ સ્કૂલ શરૂ કરાવી. અને એક કાર્યદક્ષ વહીવટકર્તા તરીકે પોતાની જાતને પુરવાર કરી. તેમની પ્રામાણિકતા અને નિષ્ઠાના

શિરપાવરૂપે ૧૯૪૫માં તેમને પી.ડબલ્યુ.ડી. ઑફિસર (હાલના કાર્યપાલક ઇજનેર)નો વધારાની જવાબદારીનો હવાલો સોંપ્યો. આર્ટ્સના એક ગ્રેજ્યુએટે એન્જિનિયર તરીકે ઉત્કૃષ્ટ કામગીરીનું ઉદાહરણ પૂરું પાડ્યું. જે અકલ્પનીય કહી શકાય.

પદોન્નતિના આ ક્રમમાં તેમનું સ્વભાવ-સૌહાર્દ, કામ પાર પાડવાની ચીવટની કદરરૂપે ૧૯૪૬માં પાલનપુર સ્ટેટના ચીફ એકાઉંટ્સ ઑફિસર તરીકે તેમની નિમણૂક થઈ. ૧૯૪૮માં પાલનપુર સ્ટેટનું દ્વિભાષી મુંબઈ રાજ્યમાં વિલિનીકરણ થતાં તેઓ ટ્રેઝરી ઑફિસર તરીકેની જવાબદારી નિભાવતા રહ્યા.

૧૯૫૨માં મુંબઈ સ્ટેટ પબ્લિક સર્વિસ કમિશનના ઇંટરવ્યુની ભારેખમ ઔપચારિકતા પૂરી ક્ષમતા અને આત્મવિશ્વાસપૂર્વક પસાર કરી ટ્રેઝરી ઑફિસર તરીકે કાયમ થયા. આ સમય દરમ્યાન નવાબને ત્યાં કામ કરતા પણ ચોપડે નહીં નોંધાયેલા કર્મચારીઓને કાયમ કરવાનો પ્રશ્ન ઊભો થયો.. મુંબઈથી આવેલા ઉચ્ચ અધિકારીએ પૂછ્યું, Who will confirm these employees? તેમણે જવાબ આપ્યો કે As a responsible officer, I will confirm. એ અધિકારીએ સવાલ કર્યોકે See Mr. Hathi. This is not a light matter. Mr. Hathi Listen me what I say. If anything is found wrong you will be dismissed.

એ જ વખતે એક પીઢ અને માનવતાવાદી વહીવટના ખેરખાં તેમણે વિશ્વાસપૂર્વક જવાબ આપ્યોકે. I will confirm the matter. આટલા બધા કર્મચારીઓનાં કલ્યાણ માટે તેમણે તેમની નોકરી હોડમાં મૂકી.

૧૯૫૪થી ૧૯૫૬ના કાર્યકાળ દરમ્યાન જિલ્લાના કલેક્ટર રહી ચૂકેલા પ્રતિભાવાન અને કાબેલ સનદી અધિકારી અને મોરારજી દેસાઈના અંગત સચિવ રહી ચૂકેલા શ્રી વી. શંકરે (આઈ.સી.એસ.) તેમની કાર્યદક્ષતાથી પ્રભાવિત થઈ તેમને ૧૯૫૭માં બૃહદ મુંબઈ રાજ્યના નાણાં ખાતામાં ઈન્સ્પેક્ટિંગ ઑફિસરના પદે બઢતી આપી. અને રત્નાગીરીથી કચ્છ સુધીના ૨૩ જિલ્લાઓની ટ્રેઝરીનો પડકારસમો વહીવટ સંભાળ્યો અને ૧૯૫૯માં ૫૫ વર્ષની ઉમ્મરે નિવૃત્ત થયા.

એક શિક્ષકનું સ્વપ્ન સ્કૂલના હેડમાસ્તર બનવા સુધી સીમિત હોઇ શકે, પણ આ તો શમણાંની પોટકી લઈને નીકળેલ એક યુવાન અને તે પણ શિક્ષક, આટલા મોટા હોદ્દા પરથી નિવૃત્ત થાય એ કલ્પના તો તેમણે પોતે પણ નહીં કરી હોય, પણ તેમની મજલ આટલેથી જ અટકી નહીં અને શરૂ થઈ તેમના સેવાભાવી જીવનની શરૂઆત. જેનો લાભ જિલ્લાને મળ્યો છે..

૧૯૪૪માં બૅન્ક ઑફ ઈન્ડિયાનો પ્રારંભ, દેના બૅન્કની સ્થાપના અને ૧૯૫૪માં સ્ટેટ બૅન્ક ઑફ ઈન્ડિયાનું આગમન, એલ.આઈ.સી ઑફ ઈન્ડિયાની શરૂઆત એ તેમના પ્રયાસોની ફલશ્રુતિ ગણાય.

૧૯૪૪માં સ્ટેટ કાઉન્સિલે વિક્ટોરિયા જ્યુબિલી લાઈબ્રેરીના માનદ મંત્રી તરીકે તેમની નિમણૂક કરી જે સેવાઓ તેમણે આજીવન ૪૬ વર્ષ સુધી આપી. પાલનપુર રાજ્ય અને જિલ્લાના નાગરિક સમુદાય માટે બે મહત્ત્વનાં કામ પાર પાડવામાં તેઓ ઊજમાળું નિમિત્ત બન્યા. ૧૯૬૦માં જિલ્લા મધ્યસ્થ સહકારી બૅન્કની સ્થાપના અને તેના મૅનેજિંગ ડિરેક્ટર તરીકે તેઓ જિલ્લાના ખેડૂતો અને વ્યવસાયીઓના તારણહાર બની રહ્યા. અંતરમનથી તો વાંચન-મનન-ચિંતન, શિક્ષણનો જીવ એટલે પાલનપુરમાં કૉલેજનું તેમનું સ્વપ્ન. મનમાં એક વિચાર કે જિલ્લાની બહેનો બારમા પછી બહાર ભણવા ન જઈ શકતી. તે સમયે જિલ્લાને નાની બચત યોજનામાં રૂા. ત્રણ લાખનું ઇનામ મળેલ જેના લાભરૂપે બનાસકાંઠા ડિસ્ટ્રિક્ટ કેળવણી મંડળની સ્થાપના અને રણમાં વીરડી સમી બનાસકાંઠા આટ્ર્સ અને સાયંસ કૉલેજનો પ્રારંભ અને કૉલેજના પ્રથમ ફાઉન્ડર સેક્રેટરી બન્યા.

ચમત્કાર તો તેમણે એ કર્યો કે તેમના કલેક્ટર સાથેના જૂના સબંધ અને તે વખતના મિનિસ્ટર તેમના શિષ્ય જેમના સહકારથી આજે જ્યાં કૉલેજ કેમ્પસ છે તે કરોડો રૂપિયાની જમીન તેમના શિષ્યે ગુરુદક્ષિણામાં તેમને ફક્ત એક રૂપિયાના ટોકન ભાવે કૉલેજ માટે અપાવી.

તેમની નિસ્વાર્થ સેવા કરવાની ભાવનાને પાલનપુરની શૈક્ષણિક અને સેવાભાવી સંસ્થાઓ જેવી કે રોટરી ક્લબ, ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી, કૅમેરા ક્લબના માનદમંત્રી તરીકે સેવાઓ આપી. નીચેનાં ઉદાહરણો તેમની લોકપ્રિયતાના આંકનાં પ્રતીક છે. ૧૯૫૪થી ૧૯૫૬ના કાર્યકાળમાં જિલ્લાના કલેક્ટર કાબેલ અને પ્રતિભાવાન સનદી અધિકારી શ્રી વી. શંકરે તેમની સર્વિસ બૂકમાં લખેલ નોંધ During my stay as collector Banaskantha District:- Shri Hathi was a tower of strength

૧૯૯૩માં તેમની તસ્વીરનું વિક્ટોરિયા જ્યુબિલી લાઈબ્રેરીમાં અનાવરણ કરવામાં આવ્યું ત્યારે સાક્ષર અને લેખક શ્રી યશવંત શુક્લએ તેમના ઉદ્‌બોધનમાં કહેલું કે શ્રી હાથી પાલનપુરના સ્થાનદેવતા હતા.

૨૦૧૨માં યાને કે તેમના અવસાનના ૨૨ વર્ષ બાદ તેમના પુત્રોએ લખેલ પુસ્તક ગૌરવનું ગુરુશિખરનું વિમોચન કર્યું ત્યારે ૫૫૦ની ક્ષમતાવાળો આખો હોલ ભરચક હતો.

માદરેવતન સૌરાષ્ટ્રની ધરતી છોડી ધાંધારની સાવ અજાણી ધરતીના એક નાનકડા ગામ પાલનપુરને પોતાની કર્મભૂમિ બનાવનાર એક શિક્ષક પહેલાં હાથી માસ્તર, પછી હાથીસાહેબ અને હાથી કાકાના હુલામણા નામથી આજે પણ ઓળખાયછે.

**જયંત હાથી**

# દૃષ્ટિકોણ બદલાઈ ગયો

સામાન્ય રીતે લોકોમાં પ્રામાણિકતા, ઈમાનદારી, ઉદારતા જેવા ગુણો ઓછા જોવા મળે છે. લાભની વાત આવે ત્યારે આવી બાબતોનો છેદ ઊડી જાય છે, પરંતુ તેનાથી વિપરીત સમાજના નાના લાગતા લોકોમાં આવા ગુણો જોવા મળે છે. જેના કેટલાક પ્રસંગોનો પ્રત્યક્ષ અનુભવ છે.

એક શાકભાજીવાળાની પ્રામાણિકતાનો પ્રસંગ યાદ આવે છે. તેના પાસેથી બે-ત્રણ શાક ને ૧ કિલો કેળાં લીધાં. ઉતાવળમાં કેળાંનું ઝભલું લેવાનું રહી ગયું. ઘરે આવ્યા પછી જોયું તો કેળાં ન મળ્યાં. શાક માર્કેટ દૂર હોવાથી પાછા જવાનું માંડી વાળ્યું.

ત્રણેક દિવસ પછી શાક લેવા જવાનું થયું, કોઈએ બૂમ પાડી, સાહેબ આ બાજુ આવજો તો. મને કોઈ નહિ બોલાવતું હોય એમ માનીને મેં ધ્યાન ના આપ્યું. ત્યાં ફરી બુમ સંભળાઈ. એક ભાઈ કહે, પેલો શાકવાળો તમને બોલાવે છે. હું ગયો. મને શાકવાળો કહે તમે ત્રણ દિવસ પહેલાં શાક લેવા આવેલા. ત્યારે તમે અહીં કેળાં ભૂલી ગયા હતા. આજે મારી પાસે નથી. ૩૦ રૂપિયા પાછા લઈ જાઓ. મેં રૂપિયા ન લેતાં ૩૦ રૂપિયાનું શાક લીધું. મને તેની ઈમાનદારી પર માન થયું.

વર્તમાન પરિસ્થિતિનો એક પ્રસંગ યાદ આવે છે. લોકડાઉન સમયે આર્થિક રીતે નબળા લોકોની પરિસ્થિતિ સારી ન હતી. જેથી અમે વિચાર્યું કે જરૂરિયાતમંદ લોકોને ૧૦ કિલોની રાશન કીટ આપવી, તેનું વિતરણ ચાલુ કર્યું. તે દરમ્યાન એક ભાઈ સાઈકલ પર સાવરણી વેચવાવાળા અમારા ઘર પાસેથી પસાર થયા. તેને મારા પુત્રએ બોલાવ્યો, મેં કહ્યું અમારે સાવરણી નથી લેવી, પરંતુ આ રાશનકીટ લેતા જાવ. તમારા પરિવારને ઉપયોગી થશે. તેણે કહ્યું, તમારો આભાર, પરંતુ મને મારા કુટુંબની જરૂરિયાત પૂરતું મળ્યું છે. મારાથી વધુ જરૂરિયાતવાળાને આપશો. તેની સંતોષ વૃત્તિ ને ઉદારતા જોઈ અમે તેના તરફ માનથી જોતા રહ્યા. તેનું મન કેટલું મોટું હતું?

આવો જ એક કિસ્સો પસ્તી-ભંગારવાળા ફેરિયાનો યાદ આવે છે. સામાન્ય રીતે આવી વસ્તુઓ આપવા સમયે વધુ ભાવ લેવાની રકઝક કરતાં હોઈએ છીએ. લોકડાઉન સમયે અમે વિચાર્યું કે આ વખતે પસ્તી મફતમાં આપી દેવી છે. પસ્તીવાળો આવતાં અમે તેને કહ્યું, ભાઈ ચાર કિલો પસ્તી છે, લઈ જાઓ. તેણે કહ્યું, ૨૮ રૂપિયા આવશે. અમે કહ્યું, આજે એમ જ લઈ જાઓ અમારે રૂપિયા નથી જોઈતા. તો ફેરિયાએ કહ્યું; મને મફત ન જોઈએ.. અમે મહેનત વગરનું નથી લેતા તેણે ખૂબ દલીલ કરી. છેવટે તેને સમજાવ્યો ત્યારે ૨૦ રૂપિયા તો આપી જ ગયો. મહેનતથી મળેલું તેવી તેની વૃત્તિ પર અમને માન થયું.

આવો કિસ્સો જોયા પછી અમારો દૃષ્ટિકોણ બદલાઈ ગયો કે ક્યારે પણ નાના માણસો પાસે ભાવતાલ ન કરવા.

સમાજમાં આવી ઉદારતા, પ્રામાણિકતાના નાના માણસોની મોટાઈના અનેક પ્રસંગો જોવા મળે છે.

અસ્તુ

**અરુણ માંકડ**

# માનવતાના સદૈવ ગુણ છલકાવતો નાનો માણસ

નાના માણસ ભલે નાના હોય
પણ એમની વાતો હંમેશા મોટી જ હોય છે

બધા માટે રાતને દિવસ સમાન હોય છે
પણ એમના માટે દિવસ પણ જુદા ને રાત પણ જુદી જ હોય છે

સવાર પડતા જ નીકળી પડે નિતનવા સપનાઓ લઇને
ઠોકર ખાય પણ હાર ના માંને કેમ કે સપના એમના મોટા જ હોયછે

દિવસ રાત મેહનતના પરસેવા પડે
સેવા કરવામાં શરમાય નહિ
સપનાઓ સાચવીને પરિવાર માટે લડી રહે એ જ છે નાનો માણસ

પડકારો તો એની સાથે જ ચાલતા હોય છે ક્ષણે ક્ષણે
પણ પડકારોને હસતા રમતા સ્વીકારતો નાનો માણસ

અનુભવોમાં હંમેશ જીવતો ને અનુભવથી આગળ વધતો
સપના એના આકાશ જેવા ઊંચા પણ પગ હંમેશા ધરતી પર રાખતો નાનો માણસ

ઈચ્છે તો દુનિયા બદલાવી નાખે
માનવતાના સદેવ ગુણ છલકાવતો નાનો માણસ
નાનો માણસ ભલે નાનો હોય

રાતદિવસ એક કરે એવી એનામાં હિમ્મત હોય છે
નાનો માણસ ભલે નાનો હોય
એની તો વાત જ શું કરવી વાતો તો એની મોટી જ હોય છે

**મેહુલ બક્ષી**

# ''જામફળી''

અશોક ભાઈ ને માલતી બેન  સિદ્ધપુરમાં અમારા પાડોશમાં જ રહેતા. અશોકભાઈ સરકારી ઑફિસમાં ક્લાર્ક હતા. માલતીબેન સુઘડ ગૃહિણી હતાં. ઘરમાં જુહી ને પલ્લવ નામે બે પુષ્પો પાંગરેલાં હતાં.

સરસ મજાનું બેઠા ઘાટનું મકાન હતું. ઘરની બહાર ઓટલો, ને ઓટલાને અડેલું આંગણું પણ હતું. અશોકભાઈ ફૂલ, ઝાડના શોખીન હતા. એટલે જાતજાતનાં ફૂલો - મોગરો, ચંપો, જાસુદ, ને બારમાસી વાવેલાં. બીજી બાજુ લાલ ને પીળા કનેરિયાનાં વૃક્ષ પણ લહેરાતાં હતાં. આ વૃક્ષો ચકલી, કાબર, કબૂતરોનું આશ્રયસ્થાન હતાં. નીચે પહોળા વાસણમા માલતીબેન પાણી ભરીને મૂકતાં, તો પક્ષીઓ પાણી પીતાં ને છબછબિયાં પણ કરતા.

એવામાં એકવાર અશોકભાઈને નર્સરીમાંથી એક 'જામફળ'ના ઝાડનો રોપ મળી ગયો. અશોકભાઈએ એને પણ આંગણામાં રોપી દીધો અને એની ખૂબ જ માવજત કરતા. સવાર-સાંજ પાણી દેવું, સાફ-સફાઈ કરી ખાતર નાખવું, ને એને ધીરેધીરે વધતાં જોવું, એ એમનો નિત્ય ક્રમ થઈ ગયો.

અશોકભાઈ ખૂબ જ સરળ સ્વભાવના અને આનંદી માણસ હતા. એટલે એમના મિત્રો પણ હતા. આડોશપાડોશમાં ને ઑફિસમાં પણ બધાનાં કામ કરી આપતા. અશોકભાઈનું પ્રમોશન થવાનું હતું, પણ થયું નો'તું.

સમય જતાં ક્યાં વાર લાગે છે!, ૪-૫ વરસમાં તો જામફળનું ઝાડ તો સરસ મોટું થઈ ગયું. એમાં મીઠા મજાનાં જામફળ પણ આવવા મંડ્યાં. અશોકભાઈની ખુશીનો પાર નો'તો, ''જામફળી'' ને જોઈને એમનું શેર લોહી વધી જતું. સાંજે ઑફિસેથી આવીને અશોકભાઈ ઝાડ નીચે ખુરસી નાખી ને બેસતા, એમના સંગી, સાથી પણ આવી જતા. વાતોના તડકા મારતા.

સવારે છાપું પણ ત્યાં જ બેસીને વંચાતું. ચકલી, પોપટના મીઠા કલરવમાં સૌ ભેગા બેસી ''ચા'' પીતા. બપોર પછી આજુબાજુના  છોકરાઓ પકડમપકડી પણ રમતા. અશોકભાઈ કે માલતી બેન કોઈ ને ટોકતાં નહી. એમને જામફળ ખાવા આપતાં.

આ વરસે જામફળનો ફાલ બહુ સારો નીકળ્યો, ખૂબ જામફળ આવ્યા. અશોકભાઈ એ તો આડોશપાડોશમાં, મિત્રો ને ઑફિસના સ્ટાફમાં પણ સૌને જામફળ વહેંચ્યાં.. ''મારી 'જામફળી'ના જામફળ તો ચાખો.'' કહીને સૌને ખવડાવ્યા. પક્ષીઓ પણ ઊડાઊડી કરતાં ને જામફળ ખાતા. અરે! ગાય, બકરીના ભાગમાં પણ આવ્યાં.

હવે અશોકભાઈની વાળની લટમાં ક્યાંક સફેદી ડોકિયાં કરવા લાગી હતી, દાઢીમાં પણ સફેદ અંકુર દેખાવા લાગ્યા હતા.

અશોકભાઈનું પ્રમોશન બાકી હતું, પણ તે ક્યારે થશે એ ખબર નહોતી. ઓફિસમાં લાંચ,

રુશવતિયાંનાં પ્રમોશન થઈ જતાં, અશોકભાઈ એ બધામાં માનતા નહી. માલતીબેનને દુઃખ થતું. એ મનમાં સમજતા કે બધા એના ભોળા પતિનો લાભ લે છે.

એવામાં એક દિવસ ઑફિસના પ્યુને આવી ને અશોકભાઈને કહ્યું ''મોટા સાહેબ બોલાવે છે.''

અશોકભાઈ અંદર ગયા, તો સાહેબે આવકાર આપ્યો ને સ્મિત સાથે કાગળિયું આપતાં કહ્યું ''અશોક ભાઈ, અભિનંદન. તમારું પ્રમોશન થઈ ગયું છે.'' અશોકભાઈએ નવાઈ પામતાં 'પ્રમોશન લેટર' જોયો. પ્રમોશન થયું, પગાર વધ્યો, પણ સાથે સિદ્ધપુરથી અમદાવાદ બદલી થઈ હતી.

એ અશોકભાઈને ન ગમ્યું. પોતાનું ઘર, બગીચો છોડવા વારો આવશે એ એમણે વિચાર્યું નો'તું. ભારે મને ઘેર આવીને પત્નીને વાત કરી. માલતી ને બાળકો તો રાજીના રેડ થઈ ગયા. ઘર છોડવાનું દુઃખ હતું, પણ સાથે અમદાવાદ જેવા શહેરમાં જવાનો આનંદ હતો. હજી ઘણાં કામ બાકી હતાં. માલતીબેને, છોકરાઓએ પોતપોતાનો સામાન પેક કરવા માંડ્યો, ઝીણી, ઝીણી વસ્તુઓ ભેગી કરી લીધી.

અશોકભાઈને પોતાનું ઘર, બગીચો છોડીને જવું આકરું લાગતું હતું, પણ શું કરે! જવું તો પડશે વિચારી ને મન મક્કમ કર્યું. જતાં પહેલાં પોતાના ઘરમાં એક બહારગામથી આવેલા મહેશભાઈને ઘર ભાડે આપ્યું ને બગીચાની સંભાળ રાખવાની ભલામણ કરી.

નિર્ધારિત દિવસે સરકારી ગાડી આવી.



બધો સામાન ગાડીમાં ઠલવાયો. ઘરના બધા ગાડીમાં ગોઠવાયા. અશોકભાઈ છેલ્લે ઘરમાં આંટો મારવા ગયા, બગીચામાં ગયા ને જામફળના ઝાડને ભેટી પડ્યા, ખૂબ હાથ ફેરવ્યો. જેટલા જામફળ ઊતર્યાં હતાં, તે તો પહેલાં જ આજુબાજુ વહેંચી દીધાં હતાં, ને બાકીના સાથે લઈ લીધાં હતાં. ત્યાં તો પલ્લવનો અવાજ આવ્યો, ''પપ્પા ચાલો, બધા બહાર રાહ જુવે છે.''

અશોકભાઈ બહાર આવ્યા તો, પાડોશીઓ, ઑફિસનો સ્ટાફ બધા હાર લઈ ને ઊભા હતા, બધાએ પ્રેમથી અશોકભાઈ પરિવારને સજળ નયને

વિદાય આપી.

અમદાવાદ આવ્યા પછી નવી પોસ્ટ સંભાળી, નવું ઘર સેટ કરવામાં, લાગી ગયા. પલ્લવ અને જુહીના  નવી સ્કૂલમાં એડમિશન થયાં. માલતીબેન નવી બહેનપણીઓ ને નવી સોસાયટીમાં ગોઠવાઈ ગયા.

પણ અશોકભાઈને તો પોતાનું ઘર ને 'જામફળી' યાદ આવતા. કામનો બોજો એટલો હતો કે તે પાછા જઈ ન શકયા. શરૂઆતમાં તો ઑફિસ વાળા સાથે, ને પાડોશીઓ સાથે વાત થતી. પછી એ પણ ઓછું થઈ ગયું.

૩ વર્ષ થઈ ગયા, પછી એકવાર અશોકભાઈને ઑફિસના કામે સિદ્ધપુર જવાનું થયું. સરકારી ગાડીમાં જ ગયા. પહેલાં ઑફિસ ગયા, બધાને મળ્યા, ઝટઝટ કામ પતાવ્યું. પોતાના ઘર તરફનો રસ્તો લીધો. મનમાં ખૂબ ઉત્સાહ હતો. ઘર તરફ આવી ને જોયું તો બગીચો તો વેરાન પડ્યો હતો. નથી મોગરો કે નથી કનેરિયા.. બધા સુકાયેલા પડયા છે.

અને એમની ''જામફળી''... પણ નથી.. આ.. શું થયું?

અશોકભાઈએ ઘરમાં જોયું તો તાળું હતું. બાજુવાળા પાડોશી ગીરીશભાઈને ત્યાં ગયા. તો એમણે કહ્યું, ''અરે... અશોકભાઈ! તમે શું ગયા, આ શેરી જ સુની થઈ ગઈ. આ મહેશભાઈ ને ગીતાબેને તો દાટ વાળ્યો.''

''મહેશભાઈ તો બહુ ગુસ્સાવાળા ને અતડા. ઝાડ પર કોઈ પક્ષી ને બેસવા ન દે. ગોફણનો ઘા જ કરે. છોકરાઓ રમવા આવે તો ભગાડી મૂકે, ગીતાબેન બબડતાં જ હોય, આ પક્ષીઓ ને આ છોકરા ઓ ઘર બહુ ગંદું કરે છે. સાફ અમારે કરવું પડે છે.''

''અને 'જામ ફળી'ના જામફળ તો સડી જાય.. પણ કોઈ ને આપે નહી. કચરામાં જાય.''

''અને એને તો જાણે માઠી નજર લાગી ગઈ. ઝાડમાં કીડો લાગી ગયો. તે ધીરે ધીરે ઝાડ તો ઠૂંઠું થઈ ગયું.''

અશોકભાઈ તો હેબતાઈ જ ગયા. આંખમાં ઝળઝળિયાં આવ્યાં. મહાપ્રયાસે રુદન રોક્યું. એમને ખૂબ જ ધક્કો લાગ્યો. ભારે હૈયે ઊભા થયા. ગિરીશભાઈએ 'ચા'નો આગ્રહ કર્યો, પણ ''બીજી વાર '' કહી વિદાય લીધી ને ડ્રાઈવરને જીપ ચલાવવાનો નિર્દેશ કર્યો.

એમને કાને ગિરીશભાઈના શબ્દો અથડાતા હતા. ''જ્યાં સુધી ફળ વહેંચાતાં હતાં... ત્યાં સુધી ફળ આવતાં હતાં.. '' જ્યાં સંચય થવાનું શરૂ થયું, પ્રકૃતિએ પણ દેવાનું બંધ કર્યું.

અશોકભાઈ અતીતનાં સ્મરણોમાંથી જાગ્યા,... જ્યારે ડ્રાઈવરે તેમને કહ્યું, ''સાહેબ, અમદાવાદ આવી ગયું છે.''

**ભારતી હાથી**

# નાનો માણસ પણ નવી દિશા ચીંધી જાય છે

મારે ત્યાં લગભગ ૭-૮ વર્ષથી એક કામવાળાં બેન આવે છે. એમનું નામ રેખાબેન. આટલા લાંબા સમયથી એ મારે ઘરે કામ કરવા આવતાં હોવાથી એ કુટુંબના એક સભ્ય જેવાં જ બની ગયાં છે. એ વાસણ ઘસવા આવે ત્યારે હું ફ્રી હોઉં તો ક્યારેક ક્યારેક એની સાથે વાત કરી લઉં, એના ને એની દીકરીઓના ખબરઅંતર પૂછી લઉં.

આ રેખાબેનને ત્રણ-ત્રણ દીકરીઓ, પણ એમને મનમાં જરા પણ એવું નહીં કે મારે દીકરો હોય તો કેવું સારું! એટલે કે, એ જમાના પ્રમાણે જ મોડર્ન વિચારધારાવાળા. મને હંમેશા વિચાર આવતો કે, એ અમારી સોસાયટીમાં કામ કરવા માટે આવતી અન્ય બહેનો કરતાં ઘણાં જ ઉચ્ચ વિચારો ધરાવે છે. બાકી, એ લોકોમાં તો દીકરા માટે કેવી ઘેલછા હોય!! એ તો આપણે સહુ જાણીએ જ છીએ ને!!

એ પોતે તો માત્ર પાંચ ચોપડી જ ભણેલાં છે, પણ એમની દીકરીઓ ખૂબ ભણે ને સારી નોકરી મેળવે એવી એમની માન્યતા. એમના પતિ પણ કોઈ કંપનીમાં ડ્રાઈવર તરીકે નોકરી કરે એટલે એમને ઘર ચલાવવામાં કોઈ તકલીફ પડતી નહોતી. તેઓ ક્યારેય પણ એમની દીકરીઓને અમારા ઘરે કામ કરવા દબાણ કરતાં ન હતાં. છતાં, એમની મોટી દીકરી પાયલ એમને મદદ કરવા માટે આવતી ને સાથે સાથે કૉલેજમાં પણ જતી.

રેખાબેન પોતે લોકવર્ણમાંથી આવતાં હોવા છતાં પણ એ જૈન ધર્મનું પાલન કરે, રોજ નાહી ધોઈને દેરાસર જાય ને પર્યુષણ પણ કરે. આ બધી વાતો.. એમને એક સામાન્ય કામવાળી કરતાં અલગ બનાવતા હતા. સમયને જતાં ક્યાં વાર લાગે છે! હવે, એમની મોટી દીકરી પાયલ એમ.કોમ કરીને કોઈ ફાઈનાન્સિયલ ફર્મમાં નોકરી કરવા લાગેલી. એમની વચલી દીકરી સોનલ પણ ગ્રેજ્યુએટ થઈને કોઈ કલાસીસના રિસેપ્શન પર કામ કરવા લાગી હતી ને સૌથી નાની શીતલ પણ હવે બારમા ધોરણમાં આવી ગઈ હતી.

હવે, રેખાબેનને પોતાની બંને દીકરીઓના લગ્નની ચિંતા થવા લાગેલી. એમણે દીકરીઓને ભણાવીને, નોકરી કરતી કરી દીધી હતી. એમની નાતમાં તો ભણેલા છોકરા મળવા જ મુશ્કેલ એટલે એમને દીકરીઓની ખૂબ ચિંતા રહેતી. મારી સાથે વાત થાય ત્યારે હું હંમેશાં એમને આશ્વાસન આપતી કે સૌ સારાં વાનાં થશે.

અને એક દિવસ રેખાબેન રાબેતા મુજબ કામ કરવા આવ્યા ને આવતાની સાથે જ એમણે મને બૂમ પાડીને બોલાવી 'બેન..' હું ત્યારે એક નોવેલ વાંચતી હતી એટલે એમના બોલાવવાથી કમને ત્યાં ગઈ. મને લાગ્યું સાબુ કે સ્કોચબ્રાઇટ કંઈ ખાલી થઈ ગયું હશે એટલે એ મને બોલાવતાં હશે. મેં ત્યાં જઈને પૂછ્યું કે, 'બોલો'. એટલે તરત એ મારી સાથે વાતે વળગ્યાં.

એમના ચહેરા પર આજે ચિંતા ને સ્થાને ખુશી હતી. જે એમના અવાજમાં પણ પડઘાતી હતી.

તે સવારે એમના નિત્યક્રમ પ્રમાણે દેરાસરમાં દેવદર્શને ગયાં હતાં. ત્યાં ટેબલ પર એક ચોપડો પડેલો એમણે જોયો એટલે એમને નવાઈ લાગી કે કોઈ દિવસ નહીં ને આજે કેમ આ ચોપડો ટેબલ પર પડ્યો છે? એટલે એમણે કુતૂહલવશ એ ચોપડામાં ડોકિયું કર્યું તો એમને ખ્યાલ આવ્યો કે આ ચોપડામાં લગ્ન ઇચ્છુકોનાં નામ, જન્મતારીખ ને કૉન્ટેક્ટ નંબર લખેલા હતા. એમણે તરત જ ચોપડાની બાજુમાં પડેલી પેન ઉઠાવીને પોતાની બંને દીકરીઓનાં નામ, જન્મતારીખ ને પોતાનો કૉન્ટેક્ટનંબર એમાં ટપકાવી દીધાં. વળી, આ જ ચોપડામાંથી એમણે પોતાની દીકરીઓને લાયક ત્રણ-ચાર મુરતિયાની વિગતો ને કૉન્ટેક્ટ નંબર લખી લીધાં. બસ, આજ એમના ચહેરા પર ઝળહળતી ખુશીનું કારણ હતું. ત્યારે મને પણ આ લગ્ન ઇચ્છુકો માટે ચોપડો રાખવાનો 'આઈડિયા' ગમી ગયો હતો.

આ વાતને ૪-૬ મહિના થઈ ગયા હશે ને રોજબરોજનાં કાર્યો ને જવાબદારીઓ વચ્ચે હું તો હવે આ વાત સાવ ભૂલી ગઈ હતી. હું ત્યારે 'સમસ્ત નાગર મંડળ'ની કારોબારી સમિતિમાં હતી. એક દિવસ, દિવાળી પ્રોગ્રામ માટે અમારી મીટિંગ હતી. પ્રોગ્રામ નક્કી થઈ ગયા પછી અમે એમ જ વાતો કરતાં બેઠાં હતાં. ત્યાં વાત નીકળી કે આજકાલ લોકોને સારી કન્યા કે સારો મૂરતિયો શોધવામાં બહુ તકલીફ પડી રહી છે. આ વાત ચાલતી હતી ત્યાં જ મને તરત જ રેખાબેને કહેલી પેલી ચોપડાવાળી વાત યાદ આવી, એટલે મેં અમારા પ્રમુખને કારોબારી સમક્ષ અમારા પ્રોગ્રામ દરમિયાન એક ચોપડો ટેબલ પર રાખવા માટે સૂચન કર્યું. આ ચોપડામાં લગ્નઇચ્છુક ઉમેદવારો પોતાની માહિતી ને કોન્ટેક્ટ નંબર લખી જાય ને પોતાને યોગ્ય લાગે તે કન્યા કે મૂરતિયાની વિગતો ને કૉન્ટેક્ટ નંબર એ જ ચોપડામાંથી મેળવી શકે.

અમારા પ્રમુખ ને કારોબારી મિત્રોને મારું આ સજેશન ખૂબ જ ગમ્યું. અમારા પ્રમુખશ્રીએ પૂછ્યું કે, ''દરેક પ્રોગ્રામ વખતે આ ચોપડો લાવવા-લઇ જવાની જવાબદારી કોણ લેશે?''

આ ચોપડો મૂકવાનો વિચાર મેં રજૂ કર્યો હોવાથી આ જવાબદારી સર્વાનુમતે મને સોંપવામાં આવી. અમારા દિવાળી પ્રોગ્રામ વખતે અમે આ ચોપડા વિશે સૂચના જાહેર કરી ને અમે ચોપડો ટેબલ પર મૂક્યો ને આ વિશે કંઈ પણ વધુ માહિતી જોઈતી હોય તો મારો કૉન્ટેક્ટ નંબર આપવામાં આવ્યો. અમારી એવી ધારણા હતી કે દરેક પ્રોગ્રામ વખતે ૫-૭ નવા ઉમેદવારો પોતાનાં નામ લખી જશે, પણ અમારા આશ્ચર્ય વચ્ચે આ ચોપડામાં નામ ને વિગતો નોંધાવવા રીતસર લોકોએ ધસારો કર્યો ને એ પ્રોગ્રામ દરમિયાન જ ૫૫-૬૦ જેટલા ઉમેદવારોએ પોતાનાં નામ નોંધાવ્યાં.

ને બીજે દિવસે સવારના સાત વાગ્યાથી રાતના અગિયાર વાગ્યા સુધી સતત મારો મોબાઈલ રણકતો

રહ્યો એ એટલે સુધી કે મને થયું કે કદાચ હું રસોઈ પણ નહીં બનાવી શકું. સતત એક અઠવાડિયા સુધી આ ઘટનાક્રમ ચાલતો રહ્યો. લોકો ફોન કરી પોતાના દીકરા કે દીકરીની માહિતી આપતાં ને યોગ્ય ઉમેદવાર બતાવવા માટે મને જણાવતાં.

મારા તમામ કમિટી મિત્રોનો મને ખૂબ જ સાથ ને સહકાર હતો. શરૂઆતમાં તો હું ચોપડામાંથી જોઈ-જોઈને બધાને યોગ્ય ઉમેદવારની માહિતી ને ફોન નંબર આપતી. પણ હવે, ઉમેદવારોની સંખ્યા ૧૫૦-૨૦૦ જેવી થઈ ગઈ હતી. એટલે મને ફોન પર સામેવાળાને યોગ્ય ઉમેદવારોની માહિતી આપવામાં તકલીફ પડવા લાગી એટલે મેં છોકરાઓ ને છોકરીઓના અલગ લિસ્ટ (એમના જન્મના વર્ષ પ્રમાણે) તૈયાર કર્યાં. હવે હું બધા ઉમેદવારો પાસેથી તેમના ઈ-મેઈલ આઈડી લઈ એના પર તેમને યોગ્ય ઉમેદવારોના બાયોડેટા મોકલાવતી.

એક દિવસ, આ ઉમેદવારોમાંથી કોઈનો ફોન આવ્યો કે તમે આ ઈ-મેઈલ ને બદલે વોટ્સએપ પર ડિટેઈલ્સ મોકલાવો તો વધુ ઈઝી પડે. હવે, મને તો વોટ્સએપ ગ્રુપ બનાવતાં આવડે નહી, એટલે મારા દીકરાની મદદ લઈને ગ્રુપ બનાવ્યું ને એ ગ્રુપનું નામ આપ્યું ''શુભવિવાહ''. આ ગ્રુપમાંથી જોતજોતામાં જ લગભગ ૧૦૦ જેટલા ઉમેદવારોની સગાઈ થઈ. અમારું આ ગ્રુપ સફળતાનાં શિખરો સર કરવા લાગ્યું. હવે, અમારી કારોબારીમાં પણ એવો નિર્ણય લેવામાં આવ્યો કે, ''તમે આ ગ્રુપ સારી રીતે હેન્ડલ કરો છો એટલે હવે એ ગ્રુપ તમારું ને તમે જ એને મૅનેજ કરો. તમને અમારા બધાનો સાથ ને સહકાર રહેશે.''

આ રીતે, જુલાઈ ૨૦૧૬માં શુભવિવાહ વોટ્સએપ ગ્રુપ શરૂ કરવામાં આવ્યું. ત્યારથી માંડીને અત્યારે આ લેખ લખાય છે ત્યાં સુધીમાં આ 'શુભવિવાહ' ગ્રુપમાંથી લગભગ ૩૨૦ ઉમેદવારો (૧૬૦ જોડીઓ)ના વિવાહ થયા છે.

આ બધા પરથી મને એ સમજાયું કે, કોઈ નાનો માણસ પણ આપણને નવી દિશા ચીંધી જાય છે. મારા અનુભવે મને એ પણ સમજાયું કે, 'એક આઈડિયા જો બદલ દે આપકી દુનિયા' આ સ્લોગન સાર્થક છે.

**નિષ્ઠા વછરાજાની**

# જીવનનો અભિગમ બદલવો જોઈએ

‘‘એ કાં કેમ છો...?’’.. આ અમારા પ્રવીણભાઈનું તકિયાકલામ વાક્ય! ગમે તેવી પરિસ્થિતિમાં પણ સદાય હસતા અને હસાવતા અમારા મિત્ર પ્રવીણભાઈ પોતાની દુનિયામાં જ મસ્ત રહેતા. આ પ્રવીણભાઈની મુલાકાત તો ૩૦ વર્ષ પહેલાં થઈ હતી. ત્યારે એમણે રેલવેમાં નવી નવી નોકરી લીધી હતી. તે બહુ ભણ્યા નહોતા એટલે ફિટર તરીકે ૪૦૦ રૂપિયાની નોકરીમાં લાગી ગયા હતા, પણ એમાં એ ખુશ હતા કારણકે તે જાણતા હતા કે પોતે ઝાઝું ભણ્યા નથી, એટલે નોકરી તો શરૂઆતમાં આવી જ કરવી પડશે, પણ કામ બહુ દિલ દઈને કરતા એટલે એના સાહેબનો જમણો હાથ જેવા હતા. ખૂબ મહેનત કરીને રેલવેની નોકરીમાં ધીમે ધીમે સ્થાયી થઈ ગયા. અમારા ઘેર આવવાનું નિયમિત હતું. પ્રમોશન મળે કે દિવાળીમાં બોનસ મળે એ રાજી રાજી જ હોય.. લગ્ન પછી એ જ સાઈકલની પાછળ અમારાં ભાભીને બેસાડીને આવે. એ સાઈકલને ખૂબ સાચવે કારણ એ જ એનું હીરો હોન્ડા અને એ જ એની મારુતિ હતી! હું જ્યારે મળતી ત્યારે મને એમ થતુ કે આટલા ઓછા પગારમાં, ઓછી સવલતોમાં પણ તેઓ ખુશ કેવી રીતે રહી શકતા હશે? અને એક વસ્તુ મારા ધ્યાનમાં આવી કે પ્રવીણભાઈ સંતોષી જીવ હતા. તેને કોઈ ફરિયાદ કે કોઈની ઈર્ષા નોહતી. એક વખત દિવાળીમાં ૫૦૦૦ રૂપિયાનું બોનસ મળ્યું. તો રાજી થતાં ઘેર આવ્યા. મને કહે ‘‘ભાભી, આજે તો બધાંને લઈને બજાર જવું છે. દિવાળી આવે છે એટલે છોકરાઓને નવાં કપડાં લઈ દેશું અને એકાદ સારી સાડી પણ તમારી ભાભી માટે લેશું.’’ એટલો બધો હરખ હું એમના મોઢા પર જોતી હતી કે એટલો હરખ તો અમે કોઈ ખરીદીમાં અનુભવ્યો નહોતો! પણ આ પ્રવીણભાઈની વાતોએ, એમની રહેણીકરણીએ મારી આંખ ખોલી દીધી. જીવનનો અભિગમ બદલવો જોઈએ એવું મને લાગવા માંડ્યું. જે વસ્તુ આપણા ભાગ્યમાં આવી છે તેની કિંમત કરી નથી શકતા કારણકે આપણે સંતોષી બની શક્યા જ નથી. જીવનના નાના નાના સુખદ પ્રસંગમાં પણ અંતરથી આનંદ લઈ નથી શકતા કારણકે આપણને હંમેશાં કંઈક ઓછું જ પડે છે. એકાદ રવિવારે છોકરાઓને લઈને બગીચામાં ફરવા લઈ જાય અને ત્યાં એમને ભાવતાં ભેળ અને આઈસ્ક્રીમ ખવરાવે, તો કુટુંબ આખું રાજી રાજી હોય. પ્રવીણભાઈ બીજા દિવસે આવીને અચૂક કહે ‘‘ભાભી, કાલ તો છોકરાઓને બહાર આનંદ કરાવવા લઈ ગ્યો અને

પછી આઈસ્ક્રીમ ખવરાવ્યો.'' એમના મોઢા પર આનંદ એટલો હોય કે આપણને વિચારતા કરી મૂકે કે આપણે રોજ આઈસ્ક્રીમ ખાઈને પણ આટલો આનંદ લઈ નથી શકતા. આ અમારા પ્રવીણભાઈએ બે વસ્તુ મને શિખવાડી, એક તો જે મળ્યું છે એનો આનંદ લેતાં શીખો અને બીજું પછેડી પ્રમાણે સોડ તાણવી. બીજાની દેખાદેખી કરી આપણે ખોટા ખર્ચા ન કરવા. બાળકોને પણ સમજાવીને, પ્રેમથી ખોટા ખર્ચા કરતાં રોકવા જોઈએ.

બીજો એક અનુભવ પણ share કરવાનું મન થયું કે જેણે મને શિખવાડી દીધું કે "Where there is will, there is wind." એક ''દિવ્યાંગ'' બેનની મારે ઓળખાણ થઈ. એમના બંને પગ એક્સીડેન્ટમાં કપાઈ ગયા હતા એમના પતિનું પણ પણ એમાં અવસાન થયું હતું. ઘરમાં દીકરી અને સાસુમા હતા. ઘરના ખર્ચા અને દીકરીને ભણાવવા માટે એક ચોક્કસ આવકની જરૂર હતી. પોતાને પગ નહોતા, પણ હાથ મજબૂત હતા અને રસોઈમાં તો પારંગત હતાં જ એટલે એમણે ટિફિન બનાવવાનું શરૂ કર્યું. રસોડામાં ગૅસ તેમ જ જરૂરનાં વાસણો નીચે પોતાની પાસે રાખીને રસોઈ ચાલુ કરી દીધી. દીકરી અને સાસુની સારી મદદ મળી. ટિફિનની સાથે સાથે બેચલર છોકરાઓને જમાડવાનું પણ ચાલુ કર્યું. બપોરે ૧૨ વાગે એટલે દાળ, શાકનાં તપેલા રૂમમાં વચ્ચે મુકાઈ જાય અને છોકરાઓ પોતાની જાતે જ થાળી પીરસીને જમી લેતાં. હું ઘણીવાર એમને ત્યાં જતી અને મને ત્યારે થતુ કે માણસનું લક્ષ્ય જો નક્કી હોય અને ઈરાદો મક્કમ હોય તો એ જરૂર કોઈ પણ પરીક્ષા પાસ કરી શકે છે. બસ, આ દિવ્યાંગ બેનનું કામ મને મારા ઈરાદાઓમાં મક્કમ બનતાં શિખવાડી ગયું. આમ નાના માણસો પણ આપણને ઘણી મોટી વાતો શીખવી જાય ત્યારે એમને સલામ કરવાનું મન થઈ જાય છે.

**ઋતંભરા છાયા**

મને સ્પર્શીગયેલું પાત્ર

# 'ભારતની પ્રથમ રબારી મહિલા ઉદ્યોગ સાહસિકઃ 'શ્રીમતી પાબીબેન રબારી'

વાત કંઈક આમ બની.

વડોદરાની 'હોટેલ સૂર્યા'માં ભરતકામનું પ્રદર્શન જોયા પછી બીજા દિવસે પ્રેયસે કહ્યું, કાલે જેમની મુલાકાત થઈ હતી તે મારા કહેવાથી આપણે ઘેર આવવાના છે.

બીજી સવારે વહેલાં ઊઠીને ઘરની સફાઈ અને સુશોભન પછી મેં પૂરતો ગરમ નાસ્તો તૈયાર કર્યો. દસ વાગ્યાથી 'એક્ઝિબિશન' શરૂ થવાનું હતું એટલે સવારે સાડા આઠ વાગે એમના પતિ સાથે એ અમારે ઘેર આવ્યાં.

હું એમને જોતી જ રહી ગઈ! અસલ કાળા રબારી પોષાકમાં સજ્જ એક ઊંચી, હૃષ્ટપુષ્ટ મહિલાએ આંગણામાં પ્રવેશ કર્યો. કપાળ સુધી માથે ઓઢેલું કાળું ઓઢણું, લાલચટક ચાંદલો, પોણિયા બાંયનું સુંદર કચ્છી ભરતકામ ભરેલું કાપડું, કાળો જીમી જેવો ઘાઘરો, નાકમાં ચૂની, હાથેપગે ચાંદીનાં કડાં અને કાનમાં લટકતાં લોળિયાં. મારાં આવકાર સાથે એમણે મીઠું સ્મિત આપ્યું. મારાથી આપોઆપ જ વંદનની મુદ્રામાં હાથ જોડાઈ ગયાં. એ આછું, નિર્દોષ મલક્યાં. સ્મિત આપીને યથાવત્ પરસ્પર બીડાયેલાં હોઠ, વિશાળ ગોળ ચહેરાને ઓપ આપતાં બંને ગાલ પરનાં ઉપસેલાં હાડકાં, નાનકડું છૂંદણું ચોડેલ ચિબૂકની રેખાઓ અને 'આઇબ્રોઝ' કરેલી ભમર નીચે ચમકતી બે આંખોની વેધકતા, એમના મક્કમ મનોબળની સાક્ષી પુરાવી રહ્યાં.



પ્રત્યુત્તરમાં મજામાં કહેતી વખતે ગળા પર છૂંદાવેલાં નવ-દસ છૂંદણાં યથાસ્થાને ગોઠવાતાં પહેલાં થોડુંક સળવળ્યાં. હું પાબીબેનની બાજુમાં ગોઠવાઈ.

ભારતની પ્રથમ રબારી મહિલા ઉદ્યોગ સાહસિક શ્રીમતી પાબીબેન રબારી એટલે ૨૧મી સદીમાં સ્ત્રી સશક્તિકરણનો જીવંત દાખલો. કચ્છના અંજાર તાલુકાના ભાદ્રોઈ ગામના પાબીબેને સ્વબળે પોતાની આવડતનો ઉપયોગ કરીને ખુદનો નાનકડો ઉદ્યોગ ઊભો કર્યો છે.

મુન્દ્રા તાલુકાના ફુકડસર ગામમાં જન્મેલાં પાબીબેને બાળપણમાં જ પિતાની છત્રછાયા ગુમાવી દીધેલી. માતા તેજુબેનને આર્થિક રીતે સહાય થઈ શકે એટલે અભ્યાસ છોડી દીધો અને માતાની જેમ



પરંપરાગત રબારી ભરતની કારીગરી શીખીને વિવિધ સંસ્થાઓ પાસેથી કામ મેળવવાનું શરૂ કર્યું. અઢાર વર્ષની ઉંમરે લક્ષ્મણ રબારી સાથે લગ્ન કર્યું.

બેન, અમારે કેવું કે લગન પહેલાં જ છોકરિયુંએ ભરતકામવાળી જુદી જુદી ઘણી બધી વસ્તુઓ જાતે જ તૈયાર કરવાની રહેતી. હવે છોકરિયું જો થોડું ઘણું તૈયાર કરી શકતી એટલે એમનાં લગન ઘણાં મોડાં થતાં હતાં એટલે સમાજના અગ્રણીઓએ ભરતકામ પર પ્રતિબંધ મૂકી દીધો હતો. પછી અમે અમારી ભરતકામની કળા ભૂંસાઈ ના જાય એટલે ભરતકામના બદલે, 'હરી જરી' તરીકે ઓળખાતાં, 'ઠુમકા' અને 'લેસ' વાળાં 'કાપડાં' બનાવવાનું કામ શરૂ કર્યું. પાબીબેને એમની લાક્ષણિક મુદ્રામાં કહ્યું.

પાબીબેને બજારમાં જઈને પોતાને ગમતાં લેસ અને જરી ખરીદીને, કોઈના પણ માર્ગદર્શન વિના નમૂનારૂપે એક બૅગ તૈયાર કરી. વિદેશીઓને પહેલી નજરે જ આ બૅગ ગમી ગઈ. પાબીબેનની આ ડિઝાઈન એટલી મનોહર હતી કે એને 'પાબીબૅગ' એવું નામ આપવામાં આવ્યું. 'હોલિવૂડ'ની ફિલ્મ 'ધ અધર એન્ડ ઑફ લાઈફ'ની અભિનેત્રીએ આખી ફિલ્મમાં 'પાબીબૅગ'નો ઉપયોગ કર્યો. પછી તો બોલિવૂડની ફિલ્મોમાં પણ 'પાબીબૅગ' પ્રચલિત થઈ.

અત્યંત સફળતાને કારણે એમણે નવી નવી ડિઝાઇનોની બૅગો બનાવવા માંડી. આ કામમાં રબારી સમાજની બહેનોને જોડવાના અને એમને પગભર બનાવવાના વિચારરૂપે એક કંપની બનાવી. હવે પોતાની બૅગોને એક 'બ્રાન્ડ નેઇમ' આપવા માગતાં, ભારતના પ્રથમ રબારી મહિલા ઉદ્યોગ સાહસિક પાબીબેને, ગામડાની એક સામાન્ય મહિલાએ, પોતાની પરંપરાને સાથે રાખીને, પતિના ભરપૂર સહકારથી, ઈન્ટરનેટનો પૂરતો ઉપયોગ કરીને 'પાબીબેન.કોમ' નામે સાઇટ શરૂ કરી અને વિશ્વ સમક્ષ પોતાની કલાકારીગરીને ખુલ્લી મૂકી.

પાબીબેનનું આ સાહસ અન્ય બહેનો માટે પ્રેરણારૂપ બની રહ્યું છે.

એ દિવસે પાબીબેનને મળ્યા પછી મારામાં પણ એક બદલાવ આવ્યો. નાનકડા ગામમાં રહેતી વ્યક્તિ જો આટલું કરી શકતી હોય તો અનેક સુવિધાઓ સાથે આપણે પણ આળસ તજીને જરૂર કશુંક કરી શકીએ એવો વિચાર આવ્યો. જરૂર છે બસ પાબીબેન જેવા દૃઢ મનોબળ, અથાગ મહેનત અને મક્કમ નિર્ધારની!

એ દિવસે નાસ્તાની ખાલી થયેલી પ્લેટોને નીચી મૂંડીએ સાફ કરતી હતી ત્યારે મારું મસ્તક ગર્વથી ઊંચું થઈ રહ્યું હતું.

પાબીબેનના ગયા પછી એમણે ભેટ આપેલી એમની 'પાબીબૅગ'ને હું ક્યાંય લગી વહાલથી પસવારતી રહી અને હજુ આજે પણ ભક્તિભાવપૂર્વક સ્પર્શી લઉં છું.

**પારૂલ મહેતા**

# ''હું માનવી માનવ થાઉં તો યે ઘણું''

આજના વિષયના સંદર્ભે જો વિચારીએ તો વય પ્રમાણે નાનામોટાનો ભેદ તો હોય, પરંતુ આર્થિક, સામાજિક, જ્ઞાતિ, પદ કે ઈતર દૃષ્ટિએ તો નાનામોટાનો ભેદ આપણે જ ઊભો કરેલ છે. આપણી આસપાસ જીવનમાં કેટલા બધા એવા અનુભવો થતા હોય છે જેમાં સમાજમાં કહેવાતા નાના માણસોનાં હૃદયની વિશાળતા, કહેવાતા મોટા માણસો કરતાં અનેકગણી ચઢિયાતી પુરવાર થાય છે.

જીવનમાં ઘણા એવા અનુભવો થયા જેમાં વયમાં નાના કે પછી સામાજિક રીતે પછાત ગણાતા લોકો પાસેથી ઘણું શીખવા મળ્યું. દરેક અનુભવો ટાંકવા તો શક્ય નથી. આજે વિશ્વભરમાં જે કપરો સમય ચાલી રહ્યો છે તેમાં વત્તેઓછે અંશે દરેકના જીવન ઉપર કેટલીક માનસિક, શારીરિક, આર્થિક રીતે અસર પહોંચી છે. ઘણાને નોકરી, વ્યવસાય કે ધંધામાં આર્થિક સંકડામણ ઊભી થઈ. કેટલાકને વેતનમાં કપાત થઈ. કોઈને નોકરીમાંથી બરતરફ કરવામાં આવ્યા. આ મહામારીએ ખરો કેર વર્તાવ્યો છે ત્યારે, ઘણા નાના માણસોની મોટી વાતોના સમાચાર આપણે વર્તમાનપત્રો અને સોશિયલ મીડિયાના માધ્યમથી જાણીએ છીએ. મને પણ તેવો અનુભવ થયો તેની વાત રજૂ કરું છું.

ઘણાં વર્ષથી અમારે ઘેર લક્ષ્મીબેન ઘરકામ કરવા આવે. તેમની સાથે ક્યારેય કામવાળા જેવો વ્યવહાર નહીં. પરસ્પર ઘરના સભ્ય જેવો જ વ્યવહાર. કોરોનાને કારણે લોકડાઉન શરૂ થયું અને પરસ્પરના હિત ખાતર વિચારીને, અમે તેમને કહ્યું કે તમે હમણાં ઘેર જ રહેજો. કામ કરવા આવતાં નહીં. તમારા પગારની ચિંતા ન કરશો તે તમે આવીને લઈ જજો. તે સિવાય પણ કોઈ જરૂરિયાત હોય તો વિના સંકોચે જણાવશો. ત્યારે તેમણે જવાબ આપ્યો તે સાંભળી, તેના હૃદયની વિશાળતા ઉપર, પહેલાં કરતાં પણ વિશેષ માન ઊપજ્યું. તેમણે કહ્યું, ''બેન, તમને તકલીફ પડે તેમ હોય તો હું નહિ આવું, પરંતુ મને કોઈ તકલીફ નથી. હું દરેક જરૂરી સાવચેતી રાખીશ. તમે બધું કામ જાતે કરીને થાકી જશો અને હા, જો તમારે પણ પગારમાંથી કપાત થતી હોય તો મારા પગાર વિશે ચિંતા ના કરશો. હું વગર પગારે કામ કરીશ. મારે પૈસા નથી જોઈતા. અને હા! જો હું કામ કરવા ન આવું તો મારે અણહક્કનો પૈસો તો ન જ લેવાય ને! અમે બંને પતિ-પત્ની કમાઈએ છીએ તેમાંથી, દર મહિને

બચતના રૂપિયા જુદા જ રાખીએ છીએ. જીવનમાં ક્યારે કઈ પરિસ્થિતિ આવશે તેની જાણ નથી. બે ટંકના રોટલા તો મળી જ રહેશે. મહેનત તો કરવી જ છે.'' તેની વાતો સાંભળી મારું મન ભરાઈ ગયું અને મનોમન સરખામણી થઈ ગઈ. આજે જ્યારે લોકો કોરોના નામે પણ કૌભાંડ આચરતાં અચકાતાં નથી ત્યારે આ મહેનત કરીને રળનારની આટલી મોટાઈ! આજે જ્યારે લોકો કોઈ નાનું દાન પણ કરે છે, તો પહેલાં પ્રચાર માટે ફોટો અને વીડિયો ઉતારે પછી જ આગળ વધે. જ્યારે આને નથી કોઈ સોશિયલ મીડિયામાં પ્રસિદ્ધિ મેળવવાની તમા કે નથી પોતે કંઈ બહુ મોટી સિદ્ધિ મેળવી હોય તેવો ભાવ! લક્ષ્મીબેનને મનોમન વંદન સાથે મેં કહ્યું, ''લક્ષ્મીબેન, તમારા નામ પ્રમાણે જ તમારી પાસે તમારી ખુમારી અને ઉચ્ચ વિચારોની સંપત્તિ એટલે લક્ષ્મી છે. તમે મહાન છો.'' તેમણે માત્ર વિનમ્રભાવે સ્મિત કર્યું. મને પણ બહુ મોટી શીખ મળી અને તે સાથે જ મને કવિશ્રી મકરંદ દવેનું એક સુંદર કાવ્ય યાદ આવી ગયું.'' ફૂલ તો એની ફોરમ ઢાળી રાજી.''

આજે કોરોના જેવી મહામારીમાંથી પણ કેટલાક અનૈતિક રીતે પોતાની આવક ઊભી કરે છે તેવા કિસ્સાઓ જાણ્યા, ત્યારે ખરેખર આવા નાના માણસોની મોટી વાતોને સલામ કરવી પડે. આજે જ્યારે માણસ દેખાડો, દંભ અને આડંબરની દુનિયામાં, હોય તેના કરતાં વધુ દેખાડવાની હોડમાં છે, ત્યારે શ્રી ઉમાશંકર જોશી અચૂક યાદ આવે.

''હું માનવી માનવ થાઉં તો યે ઘણું.''

**પદ્મજા વસાવડા**

# પહાડ જેવાં વિઘ્નો પણ કામિયાબીની આડે આવતાં નથી

જિંદગી એક જીવતી જાગતી પાઠશાળા છે અને એના દરેક તબક્કે તમે નાના-મોટા સહુ પાસેથી ડગલે ને પગલે કંઈક શીખતાં જ હો છો. માણસો સિવાય પશુપક્ષીઓ પણ તમને કાંઈક શીખવે છે. ''પંચતંત્ર'' વાર્તાઓમાં કીડીની મદદ અને કબૂતરોનું જાળ સાથે ઊડવું એકતાનો પાઠ શીખવે છે. આપણાં પુરાણોમાં ડોકિયું કરશું તો કૃષ્ણ સુદામાની મૈત્રી ઉત્તમ ઉદાહરણ છે.

આજે જ્યારે આ વિષય ઉપર લખવાનું છે ત્યારે નાના માણસો કેવા પથદર્શક બને છે અને ત્યારે તમારો જીવન પ્રત્યેનો દૃષ્ટિકોણ આખો બદલાઈ જાય છે.

મારાં જીવનમાં એક નેત્રહીન ગોવિંદભાઈ "national association for blind" તરફથી આવ્યા. ત્યારે તેઓ મેટ્રિકની પરીક્ષા આપવાના હતા. ત્યારથી હું એમની reader બની તે છેક તેઓ M.A. થયા ત્યાં સુધી મેં એમને માટે વાંચ્યું. તેઓ રોજ એક વાગે આવી જતા. પૂરો એક કલાક એમને માટે કાઢતી. પછી હું એમને બસ સ્ટેન્ડ ઉપર મૂકવા જતી. મને ખૂબ આશ્ચર્ય થતું કે આટલા વખતસર કેવી રીતે આવે છે? એમની પાસે એક મુખ્ય કીમતી આંખનું રતન જ નથી, પણ ભણવાની ધગશની આગળ એમની આ શારીરિક ખામી બાધારૂપ ના લાગી. ત્યારે હું શીખી કે કામિયાબી મેળવવા માટે પહાડ જેવાં વિઘ્નો પણ વચ્ચે આવતાં નથી અને ત્યારથી મારા સામાજિક સેવા કરવાનાં પગરણ મંડાયાં. એ લોકોની braile લિપિ હું એમની પાસેથી શીખી. નિયમિતતાનો પહેલો પાઠ મને ખબર પડી.

પછી અમે બેંગલોર ગયાં. ત્યાં પણ ઘરથી થોડે જ દૂર, "spastic society of India" આવેલી હતી. ત્યાંનાં મંદબુદ્ધિ અને અપાહિજ બાળકોને ભણવામાં સહાયરૂપ થાવાના હેતુથી મેં જવાનું શરૂ કર્યું. બાળપણ કોને કહેવાય એનાથી આ બાળકો સાવ અજ્ઞાન હતાં. તેમ છતાં ત્યાં sports day થતો, વાર્ષિક ઉત્સવ થતો અને wheelchairs માં બેસીને પણ એનો આનંદ લૂંટતા. arts and crafts, cooking, સંગીત શીખવામાંથી પણ તેઓ વંચિત નહોતાં. આમ એ લોકોએ મને તમારી પાસે જે છે એનાથી સંતોષ રાખતાં, એમાંથી આનંદ લેતાં શીખવ્યું.

બાકી આપણી પાસે સુધા મૂર્તિ, અબ્દુલ

કલામ જેવી જાણીતી હસ્તીઓ છે કે એમનાં જીવનમાં નાનાં પાત્રોએ જ મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. એક ઉદાહરણ આપું. દિલ્હીના એક ચાવાળાનું નામ લક્ષમણરાવજી. વાંચવાનો ખૂબ શોખ. ગુલશન નન્દા, અમૃતા પ્રિતમ વ.ના ઉપન્યાસ વાંચીને હિન્દી શીખ્યા. મૂળ એમનું ગામ અમરાવતી. શાળામાં હતા ત્યારે લેખક થવાનું સપનું જોયેલું એ ૫૦ વર્ષના થયા ત્યારે દિલ્હીના દરિયાગંજ વિસ્તારમાં ઝાડ નીચે એક ચબૂતરો બનાવીને રવિવારી બજારમાંથી લાવેલાં પુસ્તકો વેચતાં. ૧૯૮૪માં ઈન્દિરા ગાંધીને તેઓ મળ્યા અને પોતાનું પહેલું પુસ્તક બહાર પાડ્યું. પ્રકાશક કોઈ ના મળ્યા. એટલે કારખાનામાં કામ કરી પોતાના પ્રકાશક પોતે જ બન્યા પછી એમણે ૨૫ પુસ્તકો લખ્યાં અને હવે ઘણી જગ્યાએ "motivational speaker" તરીકે પણ જાય છે. આમ ચા વેચતાં વેચતાં તેઓ લેખક બની ગયા. કીધું છે ને કે ''મન હોય તો માળવે જવાય'' અને ભારતમાં આપણા વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદીજીનો દાખલો અદ્‌ભુત છે. ''કૌન બનેગા કરોડપતિમાં'' પણ અમિતાભ બચ્ચનની hot seat ઉપર સાવ સામાન્ય માણસો કરોડપતિ બનીને જાય છે.

અને છેલ્લે મારી પૌત્રી એકવાર મને કહે દશેરાએ રાવણદહન થાય એ મને નથી ગમતું. એણે સરસ વાત કહી કે ઠેરઠેર રાવણદહન થાય છે તો પર્યાવરણ કેટલું ખરાબ થાય છે અને બીજું એમ કીધું કે દહન કરીને ને તમે બદલો લીધો તો રામ અને રાવણમાં ફેર શું? હું એની વિચારવાની શક્તિ ઉપર કાન પકડી ગઈ. આમ નાના માણસો, ઉંમરમાં કે પરિસ્થિતિને લીધે, તમને ઘણું શીખવી જાય છે. ''નાનો તોય રાયનો દાણો'' તમારા જીવનને સ્પર્શી જાય છે.

અસ્તુ.

**વિશાખા પોટા**

# ''હૃદય પરિવર્તન''

કવિતાની આજે સવારથી જ તબિયત સારી ન હોવાથી મૂડમાં ન હતી. શરીરમાં સુસ્તી લાગતી હતી.

ત્યાં મોબાઈલની રિંગ વાગી. કામ કરવાવાળી લક્ષ્મીનો ફોન હતો. તેણે કહ્યું ''બહેન, હું મારી મા બીમાર છે તેવા ખબર આવતાં તેની પાસે બહારગામ જાઉં છું. ત્રણ-ચાર દિવસ કામ કરવા નહિ આવી શકું.'' આમ પણ કવિતા સુસ્ત હતી, તેમાં આ સાંભળી એકદમ ગુસ્સે થઈ ગઈ અને બોલી ''ત્યાં તારા ભાઈ - ભાભી છે, જે તારી માનું સારી રીતે ધ્યાન રાખે છે તો તારે અહીં બધું ડિસ્ટર્બ કરી જવાની શું જરૂર છે?''

લક્ષ્મીએ તેના જવાબમાં કહ્યું ''બહેન, તમારી વાત સાચી છે. મારાં ભાઈ-ભાભી ખૂબ સારાં છે અને માને સારી રીતે સાચવે છે, તેમાં શંકા નથી. છતાં મારી પણ દીકરી તરીકેની ફરજ છે કે હું તેઓને મદદરૂપ થાઉં. વળી હું ત્યાં રોકાઈશ નહિ. માને અહીં લઈ આવી તેની ચાકરી કરીશ. મારા પતિ તથા બાળકોની આમાં સંમતિ છે. હું મારા નાના ઘરમાં માનો સમાવેશ કરીશ જેથી મારું કામ પણ ચાલુ રહે અને તેની સેવા પણ થઈ શકે. મા-બાપને ઘડપણમાં દીકરા જ રાખે તે માન્યતા ભૂલભરેલી છે. દીકરીની પણ ફરજ બને છે કે તેના ભાઈ-ભાભીને શક્ય તેટલી મદદ કરવી જોઈએ, તેવું મને લાગ્યું તેથી મેં આ પ્રમાણે વિચાર્યું છે.''

ફોન તો પૂરો થયો અને કવિતાના મગજમાં વિચારનો દોર ચાલુ થયો. તેને થોડા વખત પહેલાંની ઘટના યાદ આવી ગઈ. તેનાં ભાભીનો બહારગામથી અચાનક ફોન આવ્યો અને કહ્યું હતું ''કવિતાબેન, મમ્મીની હાલ તબિયત સારી રહેતી નથી. તેની પાસે એક માણસે રહેવાની જરૂર છે. ઘરનું કોઈ હોય તો સારું રહે. અહીં છોકરાઓની પરીક્ષા ચાલે છે, તો તમે થોડા દિવસ આવશો તો અમને મદદ થશે.'' કવિતાએ તરત ના પાડી દીધી. હું મારું ઘર, વર અને છોકરાઓને મૂકીને આવી નહિ શકું. તમે મૅનેજ કરી લેજો.'' કારણ કવિતાના મનમાં એવી જ માન્યતા હતી કે મા-બાપને રાખવાની જવાબદારી તો દીકરા-વહુની જ કહેવાય. દીકરી પોતાના ઘરમાં બીઝી હોય તેથી જઈ ના શકે. તેના પતિ તથા છોકરાઓએ તેને જવાનું કહેલું પણ ખરું છતાં તેનું મન નહોતું માન્યું. વળી માને પોતાને ઘેર લાવી શકાય, તેવો તો તેને સ્વપ્નેય ખયાલ નહોતો આવ્યો.

આ ઘટના તેના મનઃચક્ષુ સામે તાદશ થઈ ગઈ અને કવિતાને તેની ભૂલ માટે ખૂબ પસ્તાવો થયો. તેને લાગ્યું કે લક્ષ્મીએ તેની આંખ ખોલી નાખી છે. અશિક્ષિત અને ગરીબ સ્ત્રી જે વિચારી શકી, તે હું શિક્ષિત અને સાધનસંપન્ન હોવા છતાં કેમ ન વિચારી શકી! જો આ જમાનામાં બધી બાબતમાં દીકરા-દીકરી સમાન હોય તો મા-બાપ કે જેણે આપણને મોટાં કર્યાં હોય, તેની જવાબદારી એકલા દીકરા પર જ કેમ? આમ, નાના માણસની મોટી વાત તેના હૃદયને અસર કરી ગઈ.

''જાગ્યા ત્યારથી સવાર'' માની તેના ભાઈ-ભાભીને ફોન કરીને કહ્યું કે જયારે પણ મારી મદદની જરૂર હોય ત્યારે મને બોલાવજો. હું તે ઘરની દીકરી છું તેથી તે મારી પણ ફરજ છે. કવિતાના આ હૃદયપરિવર્તનને સૌએ સહર્ષ વધાવી લીધું.

**ભાર્ગવી જોશીપુરા**

# માનવીની માનસિક શ્રીમંતાઈનો અનુભવ

નમસ્કાર મિત્રો.

૧ ગ્રામથી પણ ઓછું કુલ વજન ધરાવતી કોરોના નામની પ્રજાતિએ જ્યારે આખી માનવ જાતને ભોંય ભેગી કરી નાખી અને આપણા અભિમાનને ચકનાચૂર કરી નાખ્યું ત્યારે ઈશ્વરે ઘણી સરસ અને ભુલાઈ ગયેલી વસ્તુનું મહત્ત્વ પણ આપણને સમજાવ્યું.

એમાં એક વાત આપણને જબરજસ્ત લપડાક મારીને સમજાવી કે જેણે મનુષ્ય સ્વરૂપ ધારણ કર્યું છે તેવી કોઈ જ વ્યક્તિ નીચી કે ઊતરતી નથી.

આજે જ્યારે 'નાના માણસની મોટી વાતો' વિષય પર લખવાનો સમય અને સંજોગ આવ્યો છે ત્યારે મારી એક નાનકડી વાત.

અમારે ત્યાં જે બાઈ ઘરકામ કરવા આવે છે તેમનું નામ કમુબેન છે અને ઘણાં વર્ષોથી આવે છે. હવે કામ નબળું પડી ગયું હોવા છત્તા અમે વર્ષોની વફાદારીને કારણે નિભાવીએ પણ છીએ.

કોરોનામાં સૌની જેમ તેમનું પણ આવવાનું બંધ હતું. તે દરમ્યાન એક દિવસ અચાનક અમારા દીવાનખંડના પંખાને અમારી સાથે વાંકું પડ્યું..!! અને ખૂબ ગુસ્સામાં તેઓ ફરતા જ બંધ થઈ ગયા.

માર્ચના અંત અને એપ્રિલના પહેલા અઠવાડિયાનો અરસો હતો અને અમારા પતિદેવ તો વાઘથી ન બીએ, સિંહથી ન બીએ... તે તો બીએ એક ટાઢા કોરોનાથી... એટલે ac કરવાનું તો સપનું પણ જોવાય તેમ નહોતું..

અમે તો ગભરાયા ખૂબ કે આ નાલાયક પંખો કેમ અત્યારે જ આડો ફાટ્યો???

પછી તો ધડાધડ ફોન ચાલુ ને એકેએક જણ ની ના ભાઈ ના...

બધા જ electrician એમ કહે કે lockdown ખૂલવા દો પછી વાત...

ત્યાં તો અમને કમુબેનનો દીકરો યાદ આવ્યો કે જે નાનું મોટું ઈલેક્ટ્રિક કામ કરતો હતો. તેને કોલ લગાડ્યો ને આવી ને જોવા વિનંતી કરી.

તેમના દીકરા તો નિમ્ન-મધ્યમ વર્ગના વિસ્તારમાં રહેતા હોવાથી પોલીસનો પહેરો અને કોરોનાનો ડર પણ ઘણો હતો અને ભાઈને રોજનો કૉન્ટ્રાક્ટ હોવાથી કામ પણ ના હતું.

આવા સંજોગો છતાં તેમણે મોકો મળતાં આવવાની હા જ પાડી અને આશરે ૧ કલાકમાં આવી

જ ગયા.

આવી ને વગર કીધે હાથપગ સાબુથી સાફ કરી લીધા... તથા સંપૂર્ણ સમય માસ્ક પહેરવાની ફરજ ચુસ્તપણે નિભાવી.

પંખો જોઇને કહ્યું કે આમાં ફક્ત spindle બૉક્સ ખરાબ થયું છે અને ફક્ત ૧૫ રૂપિયાનું આવે જે હું મારી પાસેથી જ નાખી દઉં છું.

અમે તો અનાંદાશ્ચર્યથી સ્તબ્ધ થઈ ગયાં, કારણકે પંખા ભાઈ કેટલાની ઉઠાડશે અને નવો પંખો ક્યાંથી લઈ આવવો પડશે તેની ગડમથલમાં હતાં ત્યાં પંખા ભાઈ તો ફરફર ફરવા માંડ્યા..

હવે જે વાત અમને સ્પર્શીગઈ તે તેમ હતી કે નીતિનભાઈ જે પંખા માટે આવ્યા હતા તેમણે મજૂરી તો લેવાની ધસી ને ના પાડી, પણ spindle no ખર્ચો લેવાની પણ ના પાડી..

તેઓ ધારત તો પાર્ટના પૈસા વધારે પડાવી શક્યા હોત, મજૂરીના ૨૦૦/૩૦૦ કે ૫૦૦ રૂપિયા પણ માગી શક્યા હોત.. અથવા પંખો બદલાવી નાખવાની પણ વાત મૂકી શક્યા હોત, પણ આમાંનું કાઈ જ ન કરતાં, તેમની મમ્મીના ઘણાં વર્ષોના કામને કારણે તેમનાથી પૈસા જ ન લેવાય તેવો આગ્રહ રાખ્યો.

છેવટે અમે તેમને ખૂબ આગ્રહ કરીને ૧૦૦ રૂપિયા આપ્યા ત્યારે તેમણે કચવાતે મને લીધા.

અત્યારે કળિયુગમાં ગમે તેવા અબજપતિઓની બુદ્ધિ ભ્રષ્ટ થઈ છે અને ખાસ કરીને કોરોનાના સમયમાં ભલભલાની દાનત બગડે છે ત્યારે આ માનવની માનસિક શ્રીમંતાઈનો અનુભવ કરીને તેમને માટે અહોભાવ થઈ ગયો અને મનોમન તેમને નમન થઈ ગયું.

આપણા સૌને પણ ઈશ્વર કોઈ પણ સંજોગોમાં આવી બુદ્ધિ અને હૃદયની સમૃદ્ધિ આપે તેવી જ પ્રાર્થના.

**ધૃતિ દેસાઈ**

# રેતીમાં પડેલી ખાંડને ખાલી કીડી જ ઊંચકી શકે, હાથી નહિ

આપણા માનનીય પ્રધાનમંત્રી, શ્રી નરેન્દ્ર મોદીએ તેમના એક પ્રવચનમાં કહ્યું હતું, ''હું એક નાનો માણસ છું અને નાના માણસો માટે કંઇક મોટું કરવા ઇચ્છુ છું.'' કેટલી ઊંડી વાત સહજતાથી કહી દીધી તેમણે. ઉંમર, રુતબો, હોદ્દો, પૈસા કે તાકાતના આધારથી મોટા અને નાનાનો થતો ફર્ક, અહંકાર અને અંતર ઉદ્‌ભવે છે. પેલી વાર્તા છે ને, '' રેતીમાં પડેલી ખાંડને ખાલી કીડી જ ઊંચકી શકે, હાથી નહિ!'' વાત તો સાચી છે. એટલે આમ જોઈએ તો ખરી રીતે માણસ મોટો અને નાનો તેના વિચારોથીજ બને છે. બાકી બધી કિસ્મતની વાત છે. નાની વિચારસણીવાળો મોટો માણસ પણ હોઈ શકે અને મોટી વિચારસણી એક નાના માણસની પણ હોઈ શકે!

આજે વાત કરવી છે તેવા માણસોની જે આર્થિક રીતે અથવા તો અભ્યાસ કે વ્યવસાયી પદથી મારાથી નાના છે (સાચું કહું તો આ 'નાનો' શબ્દ વાપરવામાં પણ નાનપ અનુભવાય છે) પણ તેવા નાના માણસો, ઘણી વાર આપણને બધાને મળેલા વિશેષાધિકાર (જન્મજાત અથવા તો મહેનતથી મેળવેલા) દ્વારા મળતી મોટાઈના આભાસને ઘણું શીખવી જાય છે.

* એક સેવાભાવી સંસ્થાને મારફતે પ્રજ્ઞાચક્ષુ વિધાર્થિનીની કૉલેજની પરીક્ષાના પેપર માટે રાઈટર તરીકે મારી માતાને સેવા કરવાની તક સાંપડી. પરીક્ષા કેન્દ્ર ઘરથી ઘણું દૂર હતું. આ સમય દરમ્યાન એક પરિવારના મોભીએ પોતાના પરિવારના પોષણ માટે એક રિક્ષા વસાવી. તેમના આ વ્યવસાયને મદદરૂપ થવા તેમ જ તેમને પ્રોત્સાહન મળે તે હેતુથી મારી માતાએ તેમની સેવા લેવાનું નક્કી કર્યું. ૮થી ૧૧ની પરીક્ષા માટે મમ્મીને લેવા તે ભાઈની રિક્ષા ૭ વાગે હાજર જ હોય. પરીક્ષાના ચારેક દિવસ સરસ પસાર થયા. પ્રજ્ઞાચક્ષુ વિધાર્થિનીના પેપર પણ સરસ જઈ રહ્યા હતા, પણ ના જાણ્યું જાનકીનાથે કે કાલે શું થવાનું છે! રિક્ષાવાળા ભાઈ સવારે સાત વાગે લેવા આવીશ કહીને છૂટા પડ્યા અને તેજ રાત્રે બાર વાગે હૃદયરોગના ઘાતક હુમલાથી રિક્ષાવાળા ભાઈનું નિધન થયું.

જ્યારે આ ભાઈનું અવસાન થયું ત્યારે તે ઘરના વડીલશ્રી જે તે ભાઈના સસરા હતા તેમણે તેમના દીકરાને સૂચના આપી કે પેલા બેન જે તેમની રિક્ષામાં પરીક્ષા માટે જતાં હતાં તેમને જાણ કરો કે આજે આ રિક્ષાવાળા ભાઈ નહિ આવી શકે અને બીજી કોઈ રિક્ષાની વ્યવસ્થા કરે જેથી કોઈ દીકરીની પરીક્ષા બગડે નહિ. પોતાની નજર સામે પોતાની વહાલી દીકરીનું જીવન રોળાઈ ગયું, પણ તેની સામે બીજી કોઈ દીકરીના ભવિષ્ય ઉજાળવાની ચિંતા હતી. તેમની આ સતર્કતા અને સેવા આગળ મારી માને તેની કરેલી સેવા વામણી લાગી. તેવા વડીલ સામે મસ્તક શત શત નમન કરે છે.

* અમારા બિલ્ડિંગમાં હાઉસકીપિંગ દ્વારા રાખેલી એક બાઈ સૌના ઘરના કચરાની થેલી લેવા રોજ આવે. દેખાવમાં સોટીને ગુમાન થાય તેવી દુબળી પાતળી તે હતી. એક દિવસ મેં સાંભળ્યું કે મારા ઉપરના ફ્લૅટમાં રહેતી પાડોશી સ્ત્રી તે બાઈને ખખડાવી રહી હતી. જ્યારે તે બાઈ મારા દરવાજે આવી ત્યારે મેં તેને પૂછ્યું, ''શું થયું, કેમ તને પેલાં બેન વઢી રહ્યાં હતાં?'' તેણે કહ્યું, ''મેડમ, અમને અને અમારા આ કચરાના ટોપલાને લિફ્ટ વાપરવાની મનાઈ છે, એ તમને તો ખબર જ છે. ગઈકાલે મને પગમાં ઈજા થઈ અને આજે મેં લિફ્ટ વાપરવાની હિમ્મત કરી અને પેલાં બેનને વાંધો પડ્યો. તે મારી વાતને સાંભળવા તૈયાર જ નથી.'' મે તેને સાંત્વના આપી, ''જવા દે, મન પર લઈશ નહીં.'' તેણે કહ્યું, ''મેડમ, આ મોઢા પરના માસ્કની સાથે એક માસ્ક કાન પર પણ બાંધ્યો છે, પણ તે કોઈને દેખાતો નથી. નકામી વાત અંદર લેતી નથી અને મારો દિવસ બગાડતી નથી. આ કોરોનાકાળમાં તમે બધા તમારા ફ્લૅટમાં બંધ છો, સુરક્ષિત છો. અમારા જેવાનું શું? હું તો એવું વિચારું છું કે પગ ભાંગ્યો છે છતાંય મેં રજા નથી પાડી અને મારું કામ કાયમ મન દઈને કરું છું. હવે, પેલાં બેનના સંતોષ ખાતર સેનેટાઈઝરથી લિફ્ટમાં એક કપડું મારી દઈશ!'' આ બાઈની કર્તવ્યનિષ્ઠા અને મનની સ્વસ્થતા મને સ્પર્શીગઈ.

* ૫૫-૬૦ વર્ષની વચ્ચે ઉંમર હશે અમારા બિલ્ડિંગના નાઈટ શિફ્ટના વૉચમૅનની (ચોકીદારની). રોજ રાત્રે ટિફિનમાંથી ભાણું જમે અને પછી બિલ્ડિંગના ચક્કર મારે, એક-બે કલાક સુધી. પાછા થોડું બેસે અને પાછા ચક્કર મારે. એક દિવસ, મોડી રાત્રે અમે ફિલ્મ જોઈ પાછા આવ્યા ત્યારે મેં તેમને પૂછ્યું, ''કાકા, આ ઉંમરે કામ કરવાની શું જરૂર? દીકરો કમાતો નથી કે શું?'' તેમણે જવાબ આપ્યો, ''કમાય છે મેડમ ઘણું એ તો, પણ તમને એક રહસ્યની વાત કરું? હું જ્યારે મારા દીકરાની ઉંમરનો હતો ત્યારે બોડી બિલ્ડર હતો. ખૂબ કસરત અને જીમ કરતો. એટલે આ ઉંમરે ખાટલે બેસી ટીવી જોવું ગમતું નથી. ચોકીદારની નોકરી આમ તો શાંતિવાળી અને એટલે જ વ્યસ્ત અને તંદુરસ્ત રહેવા લઈ લીધી. મેં પાછું પૂછ્યું, ''પણ તમે આટલા બધા સતત આંટા કેમ મારો છો? બેસી રહો, તમને રાત્રે કોણ જોવાનું છે, પાછા CCTV તો છે જ ને!'' તેમણે કહ્યું, ''કોઈ જુવે કે ના જુવે, મને જોઈએ - સંતોષ, મારા કામનો! અને ચાલવું એ તો શ્રેષ્ઠ કસરત છે મેડમ, કામનું કામ અને શરીરનું રિપેર કામ!'' કાકાને સાંભળીને તે દિવસે મારામાં એક અલગ જ સ્ફૂર્તિ આવી ગઈ!

કોઈએ સાચું જ કહ્યું છે, 'તમે તેટલા નાના બનો કે કોઈ પણ વ્યક્તિ તમારી સાથે આવીને બેસી શકે, પણ તેટલા મોટા બનો કે તમે જ્યારે ઊઠો ત્યારે કોઈ બેઠું ના રહે.'

**નમ્રતા માંકડ**

# ગણતરી

''મંજરી, પછી કોઇ બાઈ મળી કે નહીં? બે દિવસ પછી તો બાને હૉસ્પિટલમાંથી ઘરે લાવવાનાં છે.'' હૉસ્પિટલથી ઘરે આવી જમતાં - જમતાં મનીષભાઈએ મંજરીબેનને પૂછ્યું. ''અરે! આજે અઠવાડિયાથી એ કામ જ કરી રહી છું. એજન્સીઓવાળી બાઈઓ તો દિવસના પાંચસો-છસ્સો માંગે ને પાછી રાતે તો રોકાય નહીં...... આજુબાજુ બધે ફોન તો કરી દીધા છે..... હજી તો કોઈ આપણા બજેટમાં બેસે એવી મળી નથી. માગે એટલા પૈસા થોડા દઈ દેવાય? બધી ગણતરી તો રાખવી પડે ને?'' મનીષભાઈએ પણ એમની હામાં હા પુરાવી. આમ પણ 'બા'ના થાપાના ફ્રેક્ચરના ઑપરેશનનો સારો એવો ખર્ચ થઈ ગયો હતો. ઑપરેશન ઉપરાંત સ્પેશિયલ રૂમ રાખેલો એના ચાર્જીસ પણ ખૂંચતા તો હતા, પણ વાત એમ હતી કે - પોતાનું સમાજમાં મોટું માથું ગણાય .! પછી પોતાની માને જનરલ વોર્ડમાં રાખે, તો આબરૂ શું રહે? પૈસાનો પ્રશ્ન નહોતો, પણ ભાઈ! બધી ગણતરી તો રાખવી પડે.....

ઘરનો વ્યવહાર મંજરીબેનનાં જ હાથમાં. મનીષભાઈ તો ધંધો સંભાળે. પૈસાની બાબતમાં બંનેના વિચાર સાવ સરખા તે બધું માપસર - વિચાર કરીને જ થાય.. અને તો જ આ બબ્બે ફેક્ટરી ને બંગલા-ગાડી આવ્યાં. સમાજમાં મોભો પડી ગયો એટલે એ બધા ખર્ચા વસૂલ......

મંજરીબેનની ગણતરી એવી પાક્કી કે બંને દીકરા તેર-ચૌદ વર્ષના થયા ત્યાં જ મોટું ટી.વી.ઘરમાં વસાવી દીધું તે બંને ઘરમાં જ ટાઇમ પાસ કરે. આજુબાજુનાં છોકરાંઓમાં બહુ હળેભળે જ નહીં - તે ખોટી સંગતમાં, હરવા-ફરવાનો, ખાવા-પીવાનો કે નાટક-પિક્ચરના ખર્ચમાં પૈસાનો વેડફાટ જ નહીં. એમ તો મંજરીબેન ધરમ-કરમમાં માને. અધિક મહિનો કે કોઈ ખાસ તિથિએ દાન કરવા એ પોતાના ઘરમાં ન વપરાતી કોઈ વસ્તુ કે કપડાં જુદાં જ રાખી મૂકે ને પછી દાન કરે. એમાં પણ એમની પાકી ગણતરી ...એટલે એ અપાય ફક્ત પોતાને ઘરે કામ કરવા આવતી બાઇ કે આંગણું વાળવા આવતી બાઇ કે પછી વૉચમૅનને......એમને આપ્યું હોય તો ક્યારેક તમારાં બે કામ કરી દે....અજાણ્યાને આપ્યું શું કામનું??

મનીષભાઈનાં 'બા' વતનમાં એકલાં જ રહેતાં. ક્યારેક અહીં આવે તો બધી ગણતરીમાં ગૂંચવાઇ, ગમતીલી જિંદગી જીવવા પાછાં વતનના ઘરે પહોંચી જતાં. મનીષભાઈ થોડા દિવસ પહેલાં જ એમને અહીં લાવ્યાં ને ત્યાં આ ઉપાધિ થઈ. પડવાથી એમને થાપાનું ફ્રેક્ચર થયું ને હૉસ્પિટલ-ઑપરેશન-ને હવે ઘરે જ દોઢ મહિનાનો બેડ રેસ્ટ...... મનીષભાઈ તો ધંધામાં બીઝી હોય. મંજરીબેન ભારે

શરીરે બિચારા કેટલુંક કરે? તે નાછૂટકે ચોવીસ કલાકની બાઇ રાખવા વિચાર્યું, પણ હજુ સુધી કંઇ જામ્યું નહોતું.

આ આસપાસની બાઈઓ તો પેધી ગયેલી હોય. મોઢું મોટું જ ફાડે. ચાલને આ અન્ના માળીને પૂછું કોઈ એના તરફની બાઈ હોય તો? અને લો, નસીબ સારા તે અન્નાની કોઈ ઓળખીતી બાઈ, જે હજી હમણાં જ કન્સ્ટ્રકશન સાઈટ પર કામ કરતાં વર સાથે આ શહેરમાં નવી-નવી આવી હતી તે બા ને સાચવવા તૈયાર થઈ ગઈ. પૈસાની કંઇ વાત પણ ન કરી!!

આ લતા - પહેલા જ દિવસથી બાની ખૂબ સંભાળ રાખતી થઈ ગઈ. નહાવું-ધોવું-ખવડાવવું તો ઠીક એ તો બાનું મન બહેલાવવા ભજનો પણ ગાતી ને રાતે માથામાં તેલ સીંચી સૂવડાવતી પણ ખરી! બાને પણ જાણે એક દીકરી મળી ગઇ. જોતજોતામાં બે મહિના વીતી ગયા. હવે લતાને છૂટી કરવાનો સમય આવ્યો.

મંજરીના દિમાગમાં ગણતરી મંડાવાની ચાલુ થઈ ગઈ. આ તો ગામડાની ગમાર છે. અહીંની કોઈ બાઈ હોત તો સહેજે દિવસના ચારસો તો લઇ જ લેતે, પણ આને તો દોઢસોના હિસાબે આપીશ તોય મારા પગમાં પડી જશે. ગામડામાં આટલા પૈસા ક્યાં જોયા હોય!! ને એવું હોય તો એક બે જૂની સાડી હાથવગી રાખીશ. કચકચ કરે તો એ પકડાવી દઇશ.

જવાને દિવસે લતા પોતાનાં બે જોડ કપડાંનું પોટલું લઇ રૂમમાંથી નીકળી. સોફા પર બેઠેલાં બાને ભાવપૂર્વક પગે લાગી ને દરવાજા તરફ વળી કે.. મંજરીબેને, ગણતરી કરી હાથમાં પકડેલી રૂપિયાની નોટો એની સામે ધરી કે... છલછલતી આંખે, એમના લંબાયેલા હાથને રોકતાં - લતા બોલી ‘‘અમ્માની સેવા કરવાના પૈસા ન લેવાના હોય. મારી અમ્મા આવી જ હતી, પણ મેં અમારી જાતિની બહાર લગન કર્યા તે જિંદગીભર મને મળી જ ન શકી. મેં એનું મોઢું પણ ન જોયું ને ભગવાન પાસે ઊપડી ગઇ. આ અમ્માની સેવા કરી તો મને લાગ્યું મેં મારી જ માની સેવા કરી ને એણે મને માફ કરી.’’

ફરી એકવાર હાથજોડી એ બંગલાનાં પગથિયાં ઊતરી ગઇ.

મંજરીબેનના હાથમાં રહેલી પેલી રૂપિયાની નોટો જાણે ખડખડાટ હસતી હતી. ને એ, ફાટી આંખે એને તાકી રહ્યાં હતાં. એમની ગણતરી પહેલી વાર ખોટ્ટી પડી હતી !!!!

**દીના વછરાજાની**

# નાનું કોણ? મોટું કોણ?

આપણા ઈતિહાસ અને સાહિત્યમાં ડૂબકી મારીએ તો આપણને એવા કંઈ કેટલાય મહાનુભાવોના અનુભવ કે પ્રસંગો વિશે જાણવા મળે છે. એ બહુ સહજ છે કે દુનિયાને આ મહાનુભાવો વિશે જાણવામાં ઘણો રસ પડતો હોય છે, પરંતુ આજે હું એ મોટી વ્યક્તિઓ કે મહાનુભાવો વિશે વાત નહીં કરું. આજે હું આપણા સમાજના એવા લોકો અંગે વાત કરીશ કે જેના સિવાય આપણે આપણું જીવન કલ્પી પણ ન શકીએ. આપણામાં કહેવાય છે ને, 'નાનો પણ રાઈનો દાણો'. રાઈના વઘાર વગરની રસોઈની કલ્પના તો કરી જુઓ! સમય આપણને ઘણું શીખવતો હોય છે એમાંય આ તો કોરોના જેવી મહામારીનો સમય.. માણસ-માણસથી દૂર ભાગતો હોય ત્યારે આવા કપરા કાળમાં આપણી સાથે રહેલા નિઃસ્વાર્થ સેવાકર્મીઓને મારાં હૃદયપૂર્વક નમન... આ એ જ લોકો છે જેને નામ નથી કમાવું પણ એમનો એકમાત્ર ધ્યેય જરૂરતમંદ લોકોની શક્ય એટલી સેવા... આ મુશ્કેલ સમયમાં એવી કેટલીય વ્યક્તિઓ કે સંસ્થાઓએ વિવિધ રીતે સમાજને પોતાનું પ્રદાન જારી કર્યું તો ખૂણેખાંચરે એવા કેટલાય કહેવાતા નાના લોકોએ પોતાનાથી શક્ય મદદ કરી.. પેલા નાનકડા ટમટમતા દીવાની જેમ જેનું સૂરજના અજવાળાની સામે કોઈ મોલ નહીં છતાંય એના અજવાળાને નકારી તો ના જ શકાય.

આપણે ઘેર રોજેરોજ દૂધ પહોંચાડતા (એક પણ રજા વગર) કે ઘરનો કચરો એકઠો કરતા સફાઈ કર્મચારી જેવી સાવ સામાન્ય વ્યક્તિ વગરનો આપણો દિવસ કેવો હશે એની કલ્પના કરી જુઓ! અશક્ય લાગે છે ને? આ તો બસ એક ઉદાહરણમાત્ર છે. ફક્ત કોરોનાકાળ જ નહીં. રોજિંદા સામાન્ય જીવનમાં પણ આપણી આસપાસ આવા કેટલાય લોકો છે જે આપણા રોજબરોજના જીવનને આપણા માટે સરળ બનાવે છે. આજે મારે એ લોકો વિશે અને એમના જેવા અન્ય લોકો વિશે વાત કરવી છે. એમના પ્રત્યે મારું ઋણ ચૂકવવું છે. તમારી સાથે એક દંપતીનો કિસ્સો શેર કરું છું. મુંબઈ શહેરના એક પરાંમાં રહે છે એક આધેડ વયનું દંપતી. નિઃસંતાન. ગુજરાતી. એમને ત્યાં વર્ષોથી એક બાઈ ઘરકામ કરીને પોતાનાં સંતાનોને ભણાવે છે. અભ્યાસ આગળ વધે એમ ખર્ચ પણ વધે જેને પહોંચી વળવું અશક્ય થતું ગયું. આ નોકરિયાત દંપતીએ એક વચલો માર્ગ કાઢ્યો, પેલી બાઈએ કોઈની પાસે હાથ ના ફેલાવવો પડે એ માટે તેમણે નજીકમાં રેલ્વેસ્ટેશન પાસે એક નાનકડા ટેબલ ઉપર ગરમ નાસ્તો વેચવાનું શરૂ કર્યું અને એમાંથી જે આવક થાય એ પેલી કામવાળી બાઈને આપી દે. કેવી ઉમદા સમાજસેવા!

આવું જ બીજું એક દૃષ્ટાંત આપું. મુંબઈના જ એક ઉપનગરમાં એક ડૉક્ટર રહે. એક વખત વાતવાતમાં એમના એક દર્દીએ એમને જણાવ્યું કે એમને ભોજનની તકલીફ છે. એ વૃદ્ધ એકલા હતા અને શારીરિક અસ્વસ્થતાને કારણે જમવાનું બનાવવાની તકલીફ રહેતી. ડૉક્ટરને આ વાતે વિચારતાં કરી દીધા. એમને થયું આવા તો કેટલાય વૃદ્ધ હશે જેમને આ પ્રકારની તકલીફ હશે? બસ,

એમણે નિર્ધાર કરી લીધો અને આવાં વૃદ્ધ મા-બાપને ટીફિન પહોંચાડવાનું કામ શરૂ કરી દીધું. સવાર-સાંજ નિઃશુલ્ક ટીફિન સેવા. આજે ઓછામાં ઓછા પચાસેક જેટલા સિનિયર સિટિઝન્સની આંતરડી ઠારે છે. જમવાનું પણ પાછું એમની તબિયતને અનુરૂપ હોય એ જ પ્રમાણેનું. સાથે અન્ય કોઈ તકલીફ હોય તો દવા પણ આપે. સમાજ માટે કંઈક કરી છૂટવાની અતિ ભેખધારી પ્રતિભાને શતશત પ્રણામ.

થોડા દિવસ પહેલા સોશિયલ મીડિયા પર વડોદરાના એક યુવાનનો મેસેજ ખૂબ વાયરલ થયો હતો. ટ્રાફિક સિગ્નલ પર ફરી ફરીને પુસ્તકો વેચતા એ યુવાનની કહાણી પણ ખૂબ હૃદયસ્પર્શી હતી. જેમાં રાજસ્થાનના કોઈ ગામડાનો શારીરિક અને આર્થિક રીતે અક્ષમ યુવાન કઈ રીતે ખુદ અથાક પરિશ્રમ કરીને એના જ ગામના એક નિરાધાર છોકરાને સરકારી નોકરી મળે એ માટેના સંઘર્ષની વાત કરી છે. આવા લોકોની તુલના ચંદન સાથે કરી શકાય કે જે ખુદ ઘસાઈને પણ સુવાસ ફેલાવે છે. આવાં તો ગણ્યા ગણાય નહીં એટલા કિસ્સા આપણી આસપાસ સાંભળવા, જોવા મળે છે.

થોડાં સમય પહેલાં મારી એક મિત્રને મળવાનું થયું. એ મારી ખૂબ સારી મિત્ર. એનું કામ તાબોટા પાડીને પૈસા માગવાનું છે. ચોંકી ગયા ને? જી,હા. એ કિન્નર છે. નામ એનું ઐશ્વર્યા. મલાડ-કાંદિવલી વચ્ચેના સિગ્નલ પર એ અચૂક તમને જોવા મળે. મારી સાથેની મિત્રતાને કારણે મને જુએ કે તરત દોડતી આવે અને અસ્ખલિત અંગ્રેજીમાં આશીર્વાદ આપે. જી હા, એ પોસ્ટગ્રેજ્યુએટ થયેલ છે, પરંતુ આપણા સામાજિક ઢાંચામાં એ ફિટ ના થઈ શકવાને કારણે એણે ભીખ માગવાનું કામ કરવું પડે છે, પણ અત્યારે એ મુદ્દો અસ્થાને છે. મૂળ વાત તો એ છે કે ભીખ માગીને જીવતી આ કિન્નર દિવસના અંતે જેટલા પૈસા કમાય એમાંથી ભૂખ્યા બાળકો (અહીં ભિક્ષુક બાળકો એમ વાંચવુ)ને ભોજન કરાવે છે એ ઉપરાંત વારે તહેવારે એમને કપડાં મીઠાઈ પણ આપે છે. બોલો, હવે આને આપણે શું કહીશું? ઐશ્વર્યા કહે છે મને ખબર છે તિરસ્કાર, ભૂખ અને લાચારી શું છે? મારી સાથે જે થયું એ બીજા કોઈ બાળક સાથે ન થાય એ જોવાની મારી નૈતિક ફરજ છે. કેટલી ઉમદા ભાવના! આ બધાને સો સો સલામ.

સતત નિઃસ્વાર્થ સેવા સેવા અને કંઈક કરી છૂટવાની ઉદાત્ત ભાવના સાથે જીવતા લોકો આજે પણ છે. ફક્ત તેઓ પ્રસિદ્ધિભૂખ્યા લોકોથી જોજનો દૂર મૂગા મોઢે પોતાની ફરજ પૂરી કરતા રહે છે. એમના આ પ્રદાન સામે ઢોલનગારાં સાથેની પ્રસિદ્ધિ પણ વામણી લાગે છે. મારા-તમારા-આપણા જીવનમાં આવી કંઈ કેટલીય વ્યક્તિઓનું યોગદાન રહેલું છે. જેના વિશે આપણે વિચારતાં જ નથી, પણ એક જાણીતી ચોકલેટ કંપની કહે છે એમ હવે આ વ્યક્તિઓ પ્રત્યે આપણી કૃતજ્ઞતા વ્યક્ત કરવાનો સમય છે... માટે મારા તરફથી એક બિગ થેંક્યુ... આ મોટા મનના નાના માણસો માટે... તમે છો તો અમે છીએ...

**સુહાની દીક્ષિત**

*यदि तुमने प्रेम से एक पेड की भी पूजा कर ली तो तुमने परमात्मा की ही पूजा की. सच्चे हृदय से एक बच्चे की उपासना कर लो तो यह परमात्मा की ही उपासना हो जायेगी. तुम अपने प्रेमी या प्रेमीका की उपासना कर सकते हो. और कभी तुम प्यार और सम्मान से स्वयं अपनी ही उपासना कर सकते हो क्योंकि तुम्हारे भीतर भी उसी परमात्मा का वास है. प्यार से किया हुआ हर कृत्य दिव्य हो जाता है.*

*- ओशो*

<u>સ્થાન સમર્પણ</u>

શ્રી નિખિલ મ. પંડ્યા
શ્રીમતી વંદના નિખિલ પંડ્યા
તેમજ
શ્રીમતી પદ્મજા વસાવડા

કોણે કીધું ગરીબ છીએ?  કોણે કીધું રાંક?
કાં ભૂલી જા મન રે ભોળા! આપણા જુદા આંક

થોડાક નથી સિક્કા પાસે, થોડીક નથી નોટ,
એમાં તે શું બગડી ગયું? એમાં તે શી ખોટ?

ઉપરવાળી બેંક બેઠી છે આપણી માલંમાલ,
આજનું ખાણું આજ આપે ને કાલની વાતો કાલ.

ધૂળિયે મારગ કૈંક મળે જો આપણા જેવો સાથ,
સુખદુ:ખોની વારતા કેતા બાથમાં ભીડી બાથ.

ખુલ્લાં ખેતર અડખે પડખે માથે નીલું આભ,
વચ્ચે નાનું ગામડું બેઠું ક્યાં છે આવો લાભ?

સોનાની તો સાંકડી ગલી, હેતુ ગણતું હેત,
દોઢિયાં માટે દોડતાં એમાં જીવતાં જોને પ્રેત!

માનવી ભાળી અમથું અમથું આપણું ફોરે વ્હાલ;
નોટ ને સિક્કા નાખ નદીમાં, ધૂળિયે મારગ ચાલ !

– મકરંદ દવે

**BOOK POST** **DROP**

From,
**Shree Vadnagara Nagar Mandal,** Mumbai
C/O *Kamlesh S. Vohra* ; 1502, Tulsibaug CHS, Ramdas Sutrale Marg,
Opp. ICICI Bank, Borivali (W), Mumbai 400092
email : vnmmumbai@yahoo.co.in • www.shrivadnagaranagar.org